Barcode - 99999990836876
Title - Duana dushamanne jatako ! fitari fatavane fatako. aetale aealji dhanaji....
Subject -
Author -
Language - gujarati
Pages - 71
Publication Year - 0
Creator - Fast DLI Downloader
https://github.com/cancerian0684/dli-downloader
Barcode EAN.UCC-13

गूजरात विद्यापीठ ग्रंथालय

[ गुजराती कॉपीराइट विभाग ]

अनुक्रमांक ૯૫૮૭ वर्गांक

पुस्तकनुं नाम દુઆનાં પ્રભાતના ટહુકો

विषय ૫૭૨૬:૬

ગુજરાત વિદ્યાપીઠ ગ્રંથાલય
અમદાવાદ
ગુજરાતી કૉપીરાઈટ-સંગ્રહ
૬૫૮-૧

# દુઆના દુશમનને ઝટકો!

અને

# ફિતુરી ફતવાને ફટકો!

એટલે

## એદલજી ધનજી કાબાનાં

ખોજા પંથ દર્પણનાં આઠમા ભાગનું

ખંડન.

———:o:———

લખનાર—E. J. વરતેજી.

પ્રત—૧૦૦૦   આવૃતિ પહેલી   સંવત ૧૯૭૨.

———:o:———

પ્રગટ કર્તા **મુખતાર નાનજી કલ્યાણ.** (સતીઆની)

ખડક જમાતખાના પાસે—મુંબઇ નં. ૩

કિંમત ચાર આના.

કૃષ્ણ પ્રા. પ્રેસ, નં. ૯ અનંતવાડી મુંબઇ, રતિલાલ હરજીવને છાપ્યું.

# એક-ઉદ્ગાર.

આ નાનકડા પુસ્તકને ખોજા પંથ દર્પણના બીજા સાત ભાગોના જવાબથી છુટું પાડી અલાહેદો છપાવવાની અમારી ઇચ્છાને મળતાપણું બતાવી, માનવંતા શેઠ લાલજીભાઇ દેવરાજે પોતાની ઈસ્માઇલી દીન પ્રત્યેની ખાલીસ લાગણી પુરવાર કરી છે; અને તેટલા માટે અમો મોસુફ શેઠનો ઉપકાર જાહેર કરીયે છીએ. કારણ કે ઈસ્માઇલી શાસ્રને જાળવી રાખવાની એમની સિંધી પ્રેસની કોશેશો સાથે ઉદાર વૃતિએ અમારી ખરી મગરૂરી છે; તેનાં ચાલુ મેનેજર મી૦ વલીભાઇ નાનજીએ મોસુફ શેઠ લાલજીભાઇની ઇચ્છાને અનુસરી ખોજા પંથ દર્પણના પહેલેથી સાત ભાગનું ખંડન જે સરસ રીતે તૈયાર કરયું છે, તેનીજ

હુરોળમાં આ આઠમા ભાગનું ખંડન મી૰ વરતેજીએ તૈયાર કરેલું; પરંતુ આ ભાગમાં ધામીક દોઆની હદબહારની વિરૂદ્ધતા તથા ફતવાના ફીતુરની બાબતોના જવાબો માટેની વધુ વિશાળતા, આ અલાહેદી સગવડથી કરયા છતાં અમો દરેક ઇસ્માઇલી જવાબો સાથે મળતા રહી આનંદ માનીએ છીએ.

વળી આ પુસ્તક તૈયાર લખાએલું સાંભળી પોતાની ભલી ઉભરતી ભાવનાથી તેને પ્રગટ થયેલું જોવાની, ઉતાવળી ખાહેશ દેખાડનારા એક માનવંત ખાલિસ દિલના મિત્ર કે જેમને સાદા મિઝાઝનાં નિરાભિમાનપણા પ્રત્યે હું મારો અંતઃકરણનો ઉદ્દગાર દરશાવું છું, અને ઉદારદિલથી ઉત્તેજન આપતાં તેમની ધારમીક વૃત્તિનાં વખાણ કરવા વાજબી ગણું છું.

લી. હું છું.

ભાવિક ઇસ્માઇલીઓનો સેવક.

મુખતાર નાનજી.

# -: હેતુ ! :-

બુએ કેબરો, બુએ હવસો; બુએ આઝ !
દર સુખન ગુફતન બેચાયદ ચુંપયાઝ !

*　　*　　*　　( મૌલાના રૂમ. )

અફસોસ છે કે; છેલ્લા સૈકા પછી "ખોજા કોમ" હિન્દની પ્રજામાં જે જાતનો ઉંચો દરજ્જો કીર્તિ અને માન ભોગવે છે, તે જે મહાન આશિરવાદનાં પ્રતાપે છે, તેમનાંજ ખાનદાનની ઇઝત ધારમીક અને દુન્યવી હિસાબે આજે કુલ્લે હિન્દનાં લોકો (પોતે મેળવેલા લાભથી) પણ સમજે છે; તે ઇઝ્ઝત અદલ બ્રિટીશ ગવ્હરમેંટનાં ચાલુ મહાન પ્રસંગેજાહેરમાં

આવી છે, એવા અમારા શિરતાજ, રહેબર અને હાજર ઇમામ મનાતા નામદાર **હીઝ હાઇનેસ સર સુલતાન મહમદશા આગાખાન** જી. સી. એસ. આઇ. એલ. એલ. ડી. અને એ ચીફ ઓફ ઓમ્મે પ્રેસીડેન્સી અને **હઝરત મૌલા અલી**ની સીધી નસલે હોવા છતાં; તેમનાથી જો કોઇ વિરૂદ્ધ ભાવના ધરાવતા હોય તો માત્ર ગણ્યા ગાંઠ્યા હાલ બહાર પડેલા ઇસ્નાઅશરી નામ ધારણ કરનારા ખોજાઓમાંનાં માત્ર અણસમજ અને પુખ્ત અનુભવ નહીં ધરાવનારાઓજ છે; તેઓનાં હ્રદયની પરીક્ષા કર્યા વગર એઓની ધારમીક ભાવનાનાં જોખમે અમરેલીવાળા એદલજી ધનજી કાબા જે સાહસ ખેડે છે; તે તરફ અમોને ભરૂસો છે ત્યાંસુધી; ઇસ્નાઅશરી મઝહબનાં આલેમો, મુલ્લાં અને સમજુ વિદ્વાનો પણ અણગમો બતાવે છે; અને બેધડક રીતે જે વિરોધી ભાવથી પુસ્તકો છપાવે છે, તે તરફ જેટલા આંખ વિચામણા થાય છે, તે ઇસ્નાઅશરી મઝહબ ધારણ કરનારા ખોજા આગેવાનોની તથા આલેમો તથા મુલ્લાંઓની નબળાઇ દેખાડે છે. અને જો નામદાર આગાખાનનાં મુરીદોમાંથી કોઇપણ જાતની મચક આપવાની દરકાર દેખાડ-

વાની કોતાહી કરવામાં આવતી હોય, તો તેનો અર્થ "**અજ્ઞાનતા**" અને "**અંધશ્રધા**" કરનારાઓ પોતાનીજ મોહાંધતામાં અજ્ઞાનતા સાબેત કરે છે. કારણ કે, ધારમીક લાગણી-માં **સતપંથ** પ્રત્યેની તિવ્રતા તેના ખરાપણાના લીધે ઉંચો દરજ્જો ધરાવે છે, પરંતુ વ્હેવારીક દ્રષ્ટિથી ખોજા કોમની એકત્ર કોન્ફરન્સની જે અગત્યતા ઉપર ભાર મુકે છે, તેઓને આવાં મી૦ કાબા જેવાના બેધડક અને ઉદ્ધત લખાણોવાળા પુસ્તકો યુવાન ઉમરની પ્રજાના રોહનાં કારણે, બીજાં વધુ પચાસ વરસ પાછળ હઠાવનારી ગણત્રી કરવા કારણ આપે છે.

ઇસ્નાઅશરી મઝહબ ધારણ કરનારાઓ ખોટી યુક્તિ તરીકે "આપદાદાનાં પાળતા આવેલા ધરમ" તરીકે પ્રગટ કરવાની પદ્ધતિ ધારણ કરે છે, તે તવારીખોને અને જાહેર રેકૉર્ડને ખોટો ઠરાવવાની વૃથા કોશેશ કરવા જેવું છે પરંતુ તેને બદલે ચાલુ ન્યાયી બ્રીટીશ સરકારનાં અમલમાં ધારમીક છુટનો લાભ "પસંદ આવેલા ધર્મ" તરીકે ઓળખાવે તો કોઇ જાતની મુશકેલી નથી. કારણ કે, માનવું એ પોતાનીજ મુનસફીનો વિષય છે. આવી ખોટી પદ્ધતિથી ઘણા કોરટે ચડેલા કેસમાં ઇન્સાફ આપનારા-

ઓને ધુંચવણમાં નાખવાનું પાપ તેઓ કરે છે એટલુંજ નહીં; પરંતુ પોતે જે મઝહબ અખ્તીયાર કરે છે, તેનાં એતેકાદનાં પાયામાં અણધારે ખોટારૂં નાખી દેવાય છે; એ સમજતા નથી, અને તે જે મઝહબ પોતે સાચો માને છે, તેનો પાયો ખોટાઇ ઉપર માંડવાની શરૂઆત કરે છે તે સમજતા નથી.

આવી હાલતમાં ખોજાઓ ઇસ્નાઅશરી હતા, એમ કહેનારા પોતાના એધડકપણાથી જેની હીમાયત કરે છે, તેનાજ વિરૂદ્ધ સાબેત કરે છે. અને આવો ઇતિહાસીક ગુનાહ, ધરમના બહાને કરતાં કરતાં, ધારમીક બંદગી ઉપર પોતાનું ડહાપણ ડોળનારી અસહ્ય બાબતો માટે મી૦ કાબાએ કરેલી હીંમત મુરદાર છે; અને ચુપકીદી પકડી બેઠેલા ઇસ્માઇલીઓની લાગણી ઉશ્કેરવા જેવું અપકૃત્ય છે; તેને કોઇપણ જાતની અટકાયત કરવાની ઇસ્નાઅશરી આગેવાનો જેટલી ઢીલ કરશે, તેટલી નુકસાનકારક મનાવી જોવે.

મી૦ કાબા ખરાબ અને ખોટું છાપે છે; એમ કહેવા કરતાં તે જે મઝહબની ફેવર કરે છે તેની અથવા તેને પાળનારા-ઓને વધુ જવાબદારીમાં સંડોવે છે; એમ કહેવું વાજબી

માનીએ છીએ. એટલા માટે જો ઇસ્નાઅશરી મઝહબને પસંદ કરનારા આગેવાનોએ પોતાની તેવી સ્થીતીમાંથી મોકળા રહેવાને ખાતર મી૰ કાબાને વગર સનદનાં તથા ફસાદ બરપા કરાવનારા લખાણોથી રોકવો જોઇએ. અમો મી૰ કાબાનાં જુઠાણાં ભરયાં અને કમહેસીયત ભરયા લખાણોનો જવાબ લખીને વજુદભરી રીતે દેખાડીએ છીએ કે, તે ઉપર અમલ થયેથી ઇસ્માઇલીયો, કે જેઓ જુદા જુદા જવાબો લખવા કોશેશો કરે છે, તેઓ પોતાને ઇનસાફ મળ્યો સમજી પોતાની સહનશક્તિને કેળવે.

મી૰ કાબાને આ ખોજાપંથ દર્પણનાં આઠમા ભાગનો જવાબજ માત્ર મારે ફાળે આવ્યો છે, જેનાં બીજા જવાબો કેટલા લખનારાઓ તરફથી બહાર આવનાર છે અથવા મી૰ કાબાએ પોતાની અજ્ઞાનતાથી ઇસ્માઇલીયોના અંતઃકરણમાં કેટલીબધી લાગણી ઉશકેરી છે, કે, જે દરેકનાં એકથી વધારે જવાબો બહાર આવવા વગર શાંત પડનાર નથી. તે જ્યારે વિચારૂં છું, ત્યારે મને મી. કાબા પ્રત્યે તિરસ્કાર ઉત્પન્ન એટલા માટે કરે છે, કે ઇસ્નાઅશરી મઝહબ કે જેને પોતાનીજ સમજથી

સાચો માની નેકી કરનારાઓને પણ, વગોવવાનું સાહસ પાછું વાળી જોયા વગર ખેડે છે; અને મી. કાબાની ઉછાંછળી તબીયતનું વધુપણું અમારા **ના૦ આગાખાન** સાહેબ માટે કુફરનો ફતવો આપનાર અને મેળવનારા આસામીઓનું પોકળ ફોડનારા મી૦ **વકીલ** પત્રનાં એડીટરનાં યાદગાર લખાણો પછી દબાઇ ગયેલી બાબતને પોતાની નાદાનીયતથી પ્રસિદ્ધ કરવા અને સહરાવવાથી દેખાઇ આવે છે; તે જોતાં **ચીનમાં અસલ બાદશાહોનાં** જાપતાનો કાયદાને અમલમાં મુકનારાઓને યાદ કરવા મિસાલ છે. કારણ કે તે વખતે બાદશાહની મંજુરી વગર પુસ્તક છપાવનાર લેખકને જાનથી મારી નાખવામાં આવતો હતો. પરંતુ આજના ઝળકતા ન્યાયી બ્રિટીશ અમલમાં મી. કાબા **ના૦ આગાખાન** માટે વિરોધ લખી તેનો જે ગેર લાભ લીયે છે, તે **ના૦ આગાખાન** જે બ્રિટીશ ગવરમેંટને વફાદાર હોવાથી, તેમની વફાદારીની શાન વિરૂધ રાજદ્વારી બેવફાઇની લાગણી બતાવે છે, એમ અમો સમજીએ છીએ.

છેવટે મી. કાબાને ઇસ્નાઅશરી મઝહબ ને પસંદ કરનારા દરેક કરતાં હું વધુ ઓળખવાનો મારો દાવો સહરાવાન બરેસો

નથી કરતો. કારણ કે હું ઇસ્નાઅશરી મઝહબ પાળનારાઓમાંનો જ્યારે એક હતો, ત્યારે જાહેર ધારમીક મેળાવડાઓમાં બોલનાર તરીકે મારી ને એમની મુલાકાતો થયા અગાઉ પણ અરસ પરસ સબંધ હતો. અને જ્યારે આજથી પંદર વરસ ઉપર હું મુંબાઇમાં "ગુલશન" નામનાં એક માસિકમાં અધિપતી તરીકે ટુંક વખત માટે બહાર આવ્યો હતો, ત્યારે મી. કાબા સાદા લેખ પ્રગટ આણવા જે લેખીત આજેઝી કરતો, તે હજુ પણ મારી જુની અને ખોરવાઇ ગયેલી વખારમાંથી પણ મળી આવશે. અને તે વખતે તેનાં અભરા લખાણોને ઉત્તેજન ખાતર સુધારી પ્રગટ કરવાની મારી લાગણી બતાવી હતી, ત્યારે આજે તેનાંજ ઉદ્ધત લખાણો ને અટકાવવાની કોશેશની જાહેર સમજુ વર્ગ કદર કરશે. હું આમ લખી કોઇ જાતની મારી હુશીયારી બતાવતો નથી, પણ એટલુંજ બતાવવા માગું છું કે, મી. કાબા વગર લગામના ખચ્ચરની માફક અરબસ્તાનના રેતાળ રણમાં જેમ ફાવ્યું તેમ બેધડક રીતે દોડતા ફરે છે, તે તરફ આનંદ માની જોનારાઓ તેવે ખરાબે ન ચડે તેને દાખલો મળવા એક આબાદ જગ્યામાં જોતા ઉભેલાની ફરજ માફક ખરૂંજ કહેવાની તક લઉં છું.

એજ રીતે પોતાની નબળાઇથી જેઓ મારા વિશે પણ ઇસ્માઇલી થવા માટે વિશ્વાસ ન લાવતા હોય, અને તેથી તેઓ ખરૂં ખોટું જાણવાની ઇચ્છા રાખનારાઓ અટકતા હોય, તેને કારણરૂપ ન થવા આડકતરૂં કારણ આપું છું.

કેટલાક ઇસ્નાઅશરીયો મારી જુની ભાવનાની યાદ મારી **કવિતા** મારફત આપતા હશે, તેઓને મારા ઇસ્માઇલી તરીકેના વિચારો કેવા મક્કમ દરજ્જાનાં છે; તે જાણવાને પણ મારો આ જવાબ કામે લાગશે. પરંતુ મારા પ્રત્યે સારી ભાવનાથી જોનારાઓની નજરમાં; મારૂં ઇસ્માઇલી થવું ગેરઇનસાફ કરનારૂં અથવા મારા અંગત વિચારો માટે, પોતાની ભાવના કામે લગાડતા હશે; તેમને આ મી. કાબાનાં ઉદ્ધત લખાણનો કડક પણ ખરો જવાબ વાંચવા ભલામણ કરતાં, તેમાં માત્ર કાબા પ્રત્યે ઉભરેલી તેવી લાગણી બાદ કરવા અરજ કરી; માફી માગી લેવા પ્રેરાઉં છું. કારણ—કે બીજા કોઇપણ ઇસ્નાઅશરી મતને પસંદ કરનારાઓને મી. કાબા જેવા માનતો નથી.

મી. કાબા તમોને તદ્દન અજાએબ લાગશે, કે તમોએ સતપંથના નામે જે શોધખોળ કરી છે, તે ભલે તમે પૂર્ણ

માનતા હો. વધુનો અવકાશ ન માનતો હો, તો પણ આટલું જ્યાંસુધી સિદ્ધ નહીં કરો કે **ના૦ આગાખાન આલેનબી અને ઓલાદે અલી** તરીકે પ્રસિદ્ધ હોઇ **હાજર ઈમામ છે.** ત્યાં સુધી તમારા બધા સિદ્ધાંતો રોઝે હશરમાં એહલેબૈતની મોહબ્બત રાખનારાઓનાં અજ્ઞાનોના લીષ્ટમાં દરજ થએલા જોઇ શરમીંદગી પેદા કરશે. ! ! !

( વરતેજી. )

# દુઆના દુશમનને ઝટકો !

( ખોજા પંથ દર્પણ-ભાગ આઠમાનું ખંડન. )

( લખનાર-વરતેજી. )

## [ પ્રકરણ પહેલું. ]

**અલેફ, લામ, મીમ-ઝાલેકલ કિતાબો આરએબરી હોદલ લીલ મુત્તકીન.**

અર્થ-( અ-લ-મ ) આ મુળા અક્ષરોનો અર્થ ખુદા અને તેના પેગમબર શીવાય કોઇ જાણતું નથી.

(ઇસફ્રાની.)

" કુરઆને શરીફ ખામી વગરનું છે, અને તે પરહેઝગારોને હિદાયત કરે છે, " આયાત ૧) લી સુરેબકર.

અલ્લાહ પાકનાં ઉપરનાં વચનો કુરઆને શરીફમાંશરૂઆતની સુચનાં તરીકે ફરમાન થએલાં છે, અને તે ઉપરથી એજ સિદ્ધાંત ઉપર અવાય છે કે; કુરઆને શરીફનાં ફરમાનો પરહેઝગારો માટે અમલમાં મુકવા જેટલાં સરસ છે, તેટલાં નહીં પરહેઝગારો માટે તે નથી. કારણ કે પરહેઝગાર એટલે વિશ્વાસથી ઇસલામ ધર્મમાં વાંકુંચુકું નહીં ગોતનાર તથા પોતાની બુદ્ધિના ભોગે આડે રસ્તે નહિં જનાર હોય, અને આ આયાતની ખુલ્લી મતલબ એમ વધુ સિદ્ધ કરે છે કે, જેઓ ડહાપણ ડોલ્યાઓ હોય, તેઓ કુરઆનમાં ફરમાવ્યા પ્રમાણે નહીં, પરંતુ પોતાને ગમતું બોલી તે કુરઆન પ્રમાણે છે, એમ કહેનારાઓ પ્રાચીન અને અર્વાચીન વખતમાં હોવાની ગણતરી બતાવે છે! અફસોસ તેવા એક મી. એદલજી ધનજી કાબા માટે, કે જે છેલાં બે પાંચ વરસ થયાં **ઘેલી સાસરે ન જાય અને ડાહીને શીખામણ દીએ** તેમ અમારા સાંભળવા મુજબ ગુજરાનનાં સાધન તરીકે પોતાની બેહુદી વિદ્વતાને

બહાને તેના મરહુમ વડીલોનાં રૂહને આઝાબ પહોંચે તેવું; ખોજા શીયા ઇમામી ઇસમાઇલી ધર્મ વિશે લખી અશનાસરી પંથમાં ભળેલી ખોજા જમાત તરફથી ઘણી થઇને ચોપડીઓ ફાવે તેમ ભુસી મારી છપાવે છે!

ઇસ્નાશરી મઝહબનાં મુઝતહેદો, આલીમો અને મોલવીઓ જે અરબસ્તાન જેવા દુર દેશમાં છે, તથા પંજાબ તરફ લાહોર, લખનૌમાં હોઇ ગુજરાતી નહીં જાણનારાઓ છે; તેઓ પણ લખતાં ખુદાનો ખોફખાય, તેના લખાણો બેખોફ રીતે મી. કાબા ગુજરાતી લખી વાંચી જાણનારા અને ઇસલામ, કુરઆન વગેરેથી અજાણ હોઇ પરદેશી ભોળી આસ્થા ધરાવનારાઓ માટે જે જાતનાં ધાર્મિક વાંચન ચિતરે છે, તે જોતાં ઇસ્નાશરી મઝહબનાં હિમાયતી આલેમો કેવી સ્થિતિમાં છે તે દેખાઈ આવે છે. મી. કાબાની અગાઉ, **હાજી નાજીના** ભેગા તખલ્લુસથી ઇસ્નાશરી મઝહબની પેરવી ખોજા ઇસમાઇલી જમાતના મેમ્બરોને બતાવનારામાંના એક હતા. પરતું અમો અજબ થઇએ છીએ, કે મી. કાબા જેની જાહેર જીંદગી

અગાઉનો વખત અમરેલીમાં ઢેડા લોકોની નીશાળ * માં હિન્દુ માસ્તરોના આભડ છેડના લીધે શિક્ષક તરીકે કામ કરતા હતા. તેવુંજ કામ તે પછી જાણે પોતાના હમ મઝહબી ભાઇઓ માટે બજાવતા હોય, અને શીખવતા પણ હોય; એમ એમના અતડા અને વગર સમજણ ભર્યા તથા ઇસલામ અને કુરઆન શરીફની હદ કુદાવી જનારા લખાણો ઉપરથી જોવાય છે; મી. **હાજી નાજી**ને મળેલી તાલીમના ભોગે આલીમ બનવાનો શોખ ઉભર્યો હતો, પરંતુ જાણે તેમના કરતાં વધુ દોઢ ડાહ્યલા પણામાં ઉછરેલા મી. કાબા તો એમજ જાણતા લાગે છે કે આખી દુનિયામાં આદમથી આજ સુધી તેમનાથી કોઈ ચડીયાતું હુશીઆર નથી; તેમના જેટલું કોઇ વિદ્વાન થયું નથી. જો મી. કાબા બીમદડીના કુટુંબમાં અને અમરેલી ગામમાં ધનજીના ઘેર જન્મ લીધો ન હતે તો, અને ઢેડા લોકોને શિક્ષણ આપવાનું પ્રાક્રમ કરી વધુ જાણીતા થયા ન હતે તો, **તૌરાત**, **જંબુર**, **ઇંજીલ**, અને **ફુરકાન**ની વાતો,

---

* મી. કાબા ગાયકવાડ તરફથી ઢેડા લોકોને ભણવાની સ્કુલમાં માસીક રૂ ૧૫) ના પગારે માસ્તર હતા.

ખોજા ઇસ્નાઅશરીઓને બધાં ધર્મોનો સાર સમજાવત કોણ? અને **રૂગ, જુજર, શામ** અને **અથર્વ** વેદ કે જેમના જ્ઞાનના ભંડોળ આગળ કુચ્છ વીસાતમાં નથી; તે કહેતે કોણ? આ હીસાબે જેમણે મી. કાબાની શિકલ નહીં જોઇ હોય, તેમને તો તે પહાડ જેવાજ લાગે, પરંતુ તેમની સાથે માથું કુટનારા તેમના હમ મઝહબીઓ જેઓએ તેમના દીદાર જોયા છે, તે સહેલાઇથી સમજી શકે છે, કે તે બીચારાની સ્થિતિ દયા ખાવા જોગ છે, કારણ કે તેનું ગુજરાન ઉપર કહ્યું તેમ હવે માત્ર ઇસમાઇલી ધર્મ વિરૂદ્ધ લખી ચોપડી છપાવતાં, તે ખપવા ઉપર ટકેલું હોવું જોઇએ; અને તેથી જ્યાં ત્યાં અવત્યાં મારતાં મરતાં પીરાણાં પંથના સજ્જાદનશીન જનાબ સદ્રુદીન સાહેબ જેવા આર્ય સમાજી ઉપર તલ પાપડ થઇ રહેલા હાથ લાગી ગયા. અને તેથી સતપંથના મુરદાર હિમાયતી તરીકે, કાંઇનું કાંઇ કરી નાંખવા માંડયું. આ મી. કાબાને ઠીક સાધન હાથ લાગી ગયું છે. પણ જો સદ્રુદીન સાહેબ કાબાના કાવાદાવાથી કંટાળ્યા તો પછી શું હાથ કરવું તે પણ તેમણે ગોતી રાખ્યું હોવ તો ઠીક, નહીંતો છેવટે કેટલાંક **આર્યસમાજીઓને** તેમના જેવા **ભાંગરો**

વાટનારાઓનો ઓછો ખપ નથી. આટલા દિબાચા પછી અમો કહીશું કે મી. કાબા જે **ખોજા પંથ દર્પણના** (૮) માં ભાગનાં શરૂઆતમાં શીયા ઇમામી ઇસમાઇલી જમાતમાં જે દુઆ ભણવામાં આવે છે, તે ચુકતે આપે છે અને પેજ (૧૬) માં એ દુવા (બંદગી) વીશે ટીકા કરતાં કહે છે, તે વીશે ચુનો ચરા કરીશું.

મી. કાબા જણાવે છે કે;

**"ઉપરની દુવા કેટલાંક વર્ષો થયાં થોડા ઘણા "આગાખાનના મુરીદો ભણતા જોવામાં આવે છે પાંચ "પંદર લોકો સમજી, અથવા વગર સમજે એવી દુવા "ખાનામાં કરતા હતા; પરંતુ મોટો ભાગ નીમાજ "ભણતો હતો. અને દુવા પડનારની કાંઇ પણ પરવા "કરતો નહીં."**

"અલ્લા લાઅનતુલ્લાહે અલલ કાઝેબીન."

**અર્થ**—અલ્લાહ લાનત કરે છે ખોટું બોલનાર ઉપર. ઉપરનો કાબાનો પેરેગ્રાફ એટલો બધો સરહાઘાત ભરેલો છે,

તે એટલા ઉપથીજ સિદ્ધ થાય છે, કે લગભગ ૧૫ વરસ અગાઉના હૈયાત ખોજાનું નામ ધરાવનાર કોઇપણ શખ્સ કેહેશે કે મી. કાબા કેટલા બધા જુઠા છે! હાંક સલેમાન ગાલ્લુ કોણ પુછે છે; આપણે જે છાપ્યું તે સાચું કેહેનારા ઇસ્નાશરી ખોજાઓ તૈયાર છે; પરંતુ મી. કાબા, ઉપરનો ફકરો તમારા પીતાજી હૈયાત હોય તો તેને અથવા, તેટલી ઉમરના કોઇ બીજા ઇસ્નાશરીને પુછશો, અને જો તે ખુદા અને તેના રસુલથી બીનાર હશે તો, ખચ્ચીત તમારો કાન પકડશે કે, મીયાં તમોને મુંબઇનું જમાતખાનું અને બંદગી નશીબ થઇ લાગતી નથી.

અરે! ભાઇ તમોને (૧૦) વરસ અગાઉ પણ કચ્છ, કાઠીયાવાડનું કોઇ ગામડું કે જ્યાં બે પાંચજ ખોજા રહેતા હોય, તેપણ જોવાનું મળ્યું નથી; નહીં તો આમ લખતે નહીં. ખેર હવે એ તમોને નશીબ થવાનું નથી લાગતું; અને તમારા ભડકેલા ભેજામાં ઇસમાઇલી જમાતનાં ધર્મ ઉપર અભાવ ઉભર્યો હોવાથી ગમતું પણ નહીં હોય; તોપણ અમોને તમારા આ વગર અનુભવનાં ફકરાથી કેહેવાની ફરજ થઇ પડી છે, કે ઇસમાઇલી જમાતમાં એ દુવા તમારી બુનીઆદ અગાઉ, અરે! તમારી સાત પેઢીની

ઉુનીઆદ અગાઉનાં વરસોથી એટલે જ્યારથી તમારા પાંચસો વરસ ઉપરનાં બપાવા જેમણે **પીર સદરદીનના** બોધથી મૂર્તિપૂજા તજી અને હકીકતી ઇસ્લામ એટલે હાલના **નામદાર આગાખાન-**ના તે વખતના વડવા **શ્રી ઈસ્લામશાહને નકલંકી મૌલા-અલીના** નુર તરીકે પ્રગટ દશમો અવતાર માનવા શીખ્યા; તે વખતથી કોઇપણ જાતના ભિન્નભાવ વગર પઢાય છે. અત્યારે કદી તમારા જેવા બેવફા અને ખોજા નામને ( કે જે નામ તમારા આગલા બપાવાને ઘણુંજ પ્રિય હોવું જોઇએ ) ન છાજતી રીતે વર્તનારને હાલ થોડા મુરીદો ભણતા દેખાતા હોય તો તેમાં તમારી અદેખી અને ટુંક દ્રષ્ટીમાં વસેલી ઐબનુંજ કારણ છે. અથવા અનુભવના ચસ્મા વગર ઝાંખ પડી ગએલી લાગતી હોય; પરંતુ હાલની પણ સ્થિતિ તરફ જોતાં તો મોટી જમાત ઇસમાઇલી કહેવાય છે. થોડાની ગણતરી તમોનેજ ખોટા પાડે છે. વળી તમો લખોછો કે પાંચ પંદર લોકો સમજીને અથવા વગર સમજે એવી દુવા ખાનામાં કરતા હતા; તો, એ તમારો અનુભવ મને તો તમારા અસલ વતન અમરેલીનોજ લાગે છે. બાકી આ ઉપરથી તમોને મુંબઇ, સિંધ, કાઠીયાવાડ,

કચ્છ તથા દુર દેશાવરોની વસ્તી ખોજા કોમ માટે લખવાનો તમોને હક હોય તેમ દેખાતું નથી. અફસોસ છે! તમોએ ઉદ્ધતાઇથી કરેલાં સાહસ કર્મનાં ગભરાટમાં જંગબારની મુસાફરી કરી, પણ, "(૬) વખત ચીનમાં જઇ આવેલ તેલના પીપ જેવા" કંઇ મેળવવાને બદલે ઉલટા વધુ ખોખરા થઈ ગએલા લાગો છો. હું પોતે તમારા આવા ધડા વગરના ફાંટાથી કાંઇપણ અજબ થયો નથી, કારણ કે **તમો** અને હું ઘણાં વખત ભેટી પડયા છીએ; અને જ્યારે "હું પણ અધુરાપણાથી ઇસ્માઇલી ધર્મ વિરૂદ્ધ વિચાર ધરાવતો હતો; તે વખત કરતાં આજ કે જયારે અસલ જાતભાઇઓમાં ગયો છું અને કહું છુ કે,"

**બયેત**

હરકસીકુ દુર માંદઝ અસ્લે ખીશ
બાજ જુયદ રૂજગારે વસ્લે ખીશ.
(મોલાના રૂમ)

**અર્થ**–જાતમાંથી જે કોઇ જુદો પડે,
ભેટવા પાછો સમય શોધ્યા કરે.

એ મુજબ ઇસમાઇલી થતાં અસલ જાતભાઇઓમાં વસવામાં હું મગરૂરી માનું છું. તે વખતે પણું તમારા દોઢ ડાહ્યલા સ્વભાવથી મને માત્ર એટલુંજ દેખાયું છે, કે તે દહાડે તમો જ્યાં ત્યાં બક બક કરતા ને ઇસનાસરી ચુસ્તભાઇઓનો ખીજવાટ વહોરી લેતા, ત્યારે આજે તેવુંજ લખીને છપાવો છો કે જેમા પણ ઇસ્નાસરીઓ પણ તમારાપર વગર સનદનું લખવાથી ખીજવાતા હશે. ખેર તમોને તો "**પારકી લેખણુ પારકી શાહી ને ડાપણુ ડાળે મારા કાબાભાઈ**" ની માફક થઇ પડયું છે; એટલે હવે મારી ફરજ તરીકે તમો **ભાવતું લખી મારનારા** કેટલા ઢીંગલાના છો, એટલુંજ મારા ઇસિમાઇલી ભાઇઓને જણાવવું બસ સમજું છું. ને આ જવાબ લખતાં પણ તમારે માટે મારાથી કાંઈ એવું એવું લખાયા વગર રહી શકાતું નથી; અને એ બધાં પાપ તમારી આગલી ( જુની ) મુલાકાતોનાજ સમજવાં. નહિં તો કાંઇ પંચાતી નહોતી. હુઆ માટે તમો "**વગર સમજે જે લોકો ભણુતા હતા**" તેમ લખ્યું છે; તે પણ અનુભવ વગરથીજ છે. કારણ કે, "**મોટો ભાગ નિમાઝ ભણુતો હતો**" એમ લખો છો; તેતો સમજીનેજ પડતા હશે, એમ માનતા

લાગો છો. મી. કાબા આ એક ધાર્મિક બંદગી વીશે લખવાનું છે; માટે તમારા માફક મારાથી જેમ તેમ લખી શકાશે નહીં. કારણ કે તે બંદગી હોવાથી મનુષ્યના દિલ ઉપર કે જે દિલ અર્શના કંગુરાનો દરજ્જો ધરાવે છે, જેમ કે—

**બૈત.**

**દીલ બદસ્ત આવર કે હજજે અકબરસ્ત**
**અઝ હઝાર કાઅબા યકદિલ બેહતરસ્ત**

મૈલાના રૂમ.

આ રીતે દીલ ન દુખાવતું. અકબરી હજજનો સવાબ ધરાવે ત્યારે મસજીદનીજ તાજીમ ઉપર ભાર મુકનાર તમારા જેવા માટે નીચેનો શઅેર સુધ ઠેકાણે લાવવા સરીખો માનું છું જો કદાચ તમારૂં કાળજું ઝાડ ઉપર લટકતું ન હોય તો તે એ છે કે—

શઅેર.

**અબલહાં તાઅજી મે મસજીદ મીકુનંદ**
**દર જફાયે એહલેદિલ જીદમી કુનંદ**
**આં મિઝાઝસ્ત ઇન હકીકત અયે ખરાંન**
**નીસ્ત જુજ, મસજીદ દરૂને સરવરાંન.**

આ રીતે બંદગી વિષે સમજનાર ન સજનારની **ટીકા** તો દુઆ કરતાં નિમાઝ ભણનાર માટે વધુ લાગુ પડે છે. કારણ કે દુઆની ભાષા તો પઢનારને સમજાય તેવી છે; પરંતુ નિમાઝની ભાષા લોકોને માટે અરબી હોવાથી ઘણી મુંજવનારી છે. તો પણ જે લોકો વગર સમજે ખુદાને ઝુકવાની ગણત્રીજ રાખનારા છે, તેને માટે હું બોલી શકું નહીં, પણ જ્યારે સમજવાની વાત તમો કરો છો ત્યારે **અમૃબીલ માંઅરૂફ** જે દસ્તાસરી અકાયદમાં **ફુરૂએદીન** ની આઠમી કલમ છે તે મુજબ કહીશ કે **નિમાઝ સમજી-નેજ પડવી જોઇએ.** જેથી પઢનારને તેનાં દરરોજના વહેવારૂ કાર્યમાં સિધે રસ્તે મક્કમ રાખે. પરંતુ મને ખાત્રી છે ત્યાં સુધી તો, તમો દુઆ તો પઢવા પસંદ કરો નહીં, પણ જે નિમાઝને પઢવાની તરફેણ કરો છો, તેપણ તમો અદા કરતા નથી એમ હું ઘણી સારી રીતે જાણું છું, અને તેનું કારણ એજ કે જો નિમાઝ સમજીને કે વગર સમજવે પણ પડતા હોત તો તમોને ખોટું બોલવાની અને ખોટું સમજાવવાની કે બીજી વગર ઘડાની બાબતો હાથ ધરતાં આંચકો આવતે; પરંતુ તેમાં તમારો વાંક નથી. તમોને ગુજરાનના પણ વાંધા, ત્યાં તમોને નિમાઝ

પણ સુઝે કયાંથી ? આ સવાલ તમારા દિલને પુછીને તમોજ સમજશો. ફકરાનાં છેવટનાં વાકયમાં તમો લોકોને ખોટું સમજાવવા તજવીજ કરો છો કે, **દુવા પઢનારની કાંઈ પરવા કરતો નહીં** મી૰ કાબા, આ તમારૂં વાકય મને દહેશત છે કે. મુંબઇની **તીનાસરી** જમાતના આગેવાનોને માઠું લગાડનારૂં એટલા માટે નીવડે, કે તેઓએ દુવા પઢનારની પરવા કરી છે કે નથી કરી, તે સારી રીતે જાણે છે. તમો તે વખતે અમરેલીના ઢેડા લોકોના છોકરાઓને ભાણાવતા હતા; એટલે અનુભવ નહીં હોય. યાદ રાખજો કે, કયામતના દિવસે જ્યારે આ બુક તમારા ગળામાં નાંખવામાં આવશે, ત્યારે તેનો બોજો તમારા બીજા પાપો કરતાં પણ વધી પડશે; કારણ કે તમોએ બંદગી માટે, વગર જાણે લખવાની કનિષ્ટ હિંમત કરી છે, તમો દુવાને હલકી સમજો છો અને નિમાઝ કે બંદગી ગણુતા નથી, એજ તમારી નાદાની સાબીત કરે છે. નિમાજ એ ફારસી ઉચ્ચાર છે, પરતુ અરબી જબાનમાં અને પાક કુરઆંને શરીફમાં **સલાત** એ અલફાઝ છે; તેનો ગુજરાતી તથા સિંધીમાં **દુઆ** અર્થ થાય છે, અને આ રીતે તમો દુવા વિષે નિંદા કરવી ઠીક સમજો છો, ત્યારે

નિમાઝનીજ નિંદા કરો છો એમ સમજજો ; કારણ કે કુરઆને શરીફમાં ઇનસાન સિવાય પશુ પક્ષિઓની બંદગીને પણ સલાતનાજ શબ્દોથી ગણી છે, કે જેનો અર્થ ગુજરાતીમાં દુવા થાય છે, અને આ રીતે **પીર સદરદીન સાહેબે** જ્યારે હિંદુસ્તાનમાંના ઇમાન લાવનારાઓને તેમને સમજાય એવી ભાષામાં નિમાઝ બતાવી અને તેજ ભાષામાં દુવા નામથી સંબોધ્યું તેમાં ભુલ ગોતનાર અથવા તેને નિમાઝ કરતાં હલકા દરજાની ગણનાર પોતેજ હલકો અને અજ્ઞાન છે, એમજ સિદ્ધ કરે છે. પરંતુ કુરઆને શરીફમાં છે કે "યહદી મય્યશાએ સેરાતલ મુસતકીમ" અર્થ "ખુદા જેને ચાહે તેનેજ સીધો રસતો દેખાડે છે" બીજે ઠેકાણે પણ કુરઆને શરીફમાં છે કે "ખતમલ્લાહો અલા કોલુબેહિમ વઅલા સમએહિમ વઅલા અબસારેહિમ ગેશાવતુમ વલહુમ અઝાબુન અઝીમ" સાર એકે ખુદાએ જેઓના અંતઃકરણ ઉપર અને જેઓના કાન ઉપર મોહર મારી છે, અને જેઓની આંખ ઉપર પરદો છે, તેઓ બંદગી, નીમાઝ અને દુવાને સલાતના અર્થ સાથે સરખાં ગણવામાં દોષ માને છે અને મી૦ કાબા માટે અમો એથી કાંઇપણ

વધુ ગણતરી કરી શકતા નથી; અને આટલા ઉપરથી મી૦ કાબા સમજશે કે, બંદગી તરીકે ઇસ્માઇલીઓ જે દુવા પડે છે, તે પણ એક **સલાત** અથવા **નિમાઝ** સીવાય બીજું કાંઇ નથી. અને તે પોતાના ફકરામાં દુઆ અને નિમાઝના નામથી જે ડહાપણ ડોલ્યું છે, તે માત્ર ઇસમાઇલી ધર્મના ઉંચ અને સત્ય સિદ્ધાંતોનું રહસ્ય જાણ્યા વગરજ છે. મી૦ કાબા ઉપરના પેરેગ્રાફ પછી દુઆની ઉત્પતી વિષે લખે છે; અને એમ સાબેત કરવા મથન કરે છે કે "**દુઆ ૧૦૦ વર્ષ અગાઉ નહોતી અને નવી ઉત્પન્ન થઇ છે**" પરંતુ પોતાના લખાણના ટેકામાં જે જે દાખલાના ઉતારા આપેઆ છે, તેના ઉપરથી તો કોઇ ઠેકાણે ૧૦૦ વર્ષની દુઆ સિદ્ધ થતી નથી; બલ્કે ખોજા કોમની ઉત્પતી સાથેનો સબંધ ધરાવે છે, એમ સમજાય છે. મરહુમ માસ્તર હાશમભાઇ બોગાના ઇસમાઇલી દર્પણના પુષ્ટ ૧૮૩ ની બાબત તો ઇસમાઇલી રીવાજની ફેવર કરે છે; તેમ ખોજા વૃતાંત (જે વિરોધીઓ તરફથી છપાયલ છે) પ્રષ્ટ ૨૪૨ ની ટાંકેલી બાબતમાં પણ દાદુ પીરની બનાવેલી દુઆ છે, ને તે નિમાઝને લગતા અર્થની છે એમ લખી

મી૦ કાબાનેજ થપાટ મારવા સરખી છે. પરંતુ દાદુ પીરનું નામ ઇસ્માઇલી પીરોમાં નથી; તે કોઇ પીરાણાવાળા જેવા સતપંથી પાસેથી મેળવ્યું હોય, એમ લાગે છે; છતાંપણ તેમાં દુઆ ૧૦૦ વર્ષની છે એમ લખેલું નથી. ત્રીજી દલીલ મી૦ કાબા ભાવનગરના ન્યાયધિસ ન. ફ. મીરઝાંના ૧૮૯૯ ના કમીશનના રીપોર્ટની આપે છે; તે ફકરામાંતો ખોજા વૃત્તાંતની દાદુપીરની દુઆ બનાવવાની શીકલને વજુદ નથી. છતાં એ કમીશનનો રીપોર્ટ કે જેમાંથી મી૦ કાબાએ ઉતારો આપ્યો છે, તે સત્તાવાર લાગતો નથી; પણ ઇસ્નાસરીઓએ બિન સત્તાવાર રિપોર્ટને પોતાના ટેકામાં લીધો છે, તેમાંતો તે બે રીતે જોખમી છે; કારણ કે વહેવાર દ્રષ્ટીએ, એ રીપોર્ટ ફેસલા માટે આધાર ભુત મનાયો નથી, અને તેથી તેમાની બાબત મી૦ કાબાએ પ્રગટ કરી, ન્યાય કોર્ટની જવાબદારીનું ગંભીર જોખમ વહોર્યું છે. અને બીજું એવા બિન સત્તાદાર રીપોર્ટ ઉપરનો આધાર મી૦ કાબાની દલીલોનું વજુદ પણું પોકલ દેખાડે છે. છતાં એ રીપોર્ટ, અને તેનો ફકરો આધાર વાળો કોઇ રીતે ગણી શકાય નહીં. શું ? ન. ફ. મીરઝાં એક ન્યાયાધિશ તરીકે હોવાથી

ઇસ્લામના ફીરકા અથવા બંદગી માટે ટીકા કરવાને હકદાર છે? અમો તેની ટીકા તરફ લેસભાર માન ધરાવતા નથી. ભલે ઇસ્નાઅસરી મઝહબના આધાર માટે મી० કાબા તેને પોતાના એતેકાદની રૂએ ઉપલી કોર્ટે ચુકાદો રદ કર્યો છતાં ઇમામ અથવા નાયબે ઇમામના ફતવા જેવો માને અને નાચે કુદે; પણ યાદ રાખવાનું છે કે ન્યાયધિસ ન. ફ. મીરઝાં તો શું, પણ હાઇકોર્ટના જડજો પણ અમારી ધાર્મિક બંદગી માટે ટીકા કરે તોપણ તેને અમો માન્ય રાખનાર નથી. કારણ કે જડજો પોતા પાસે જે હકીકતો રજુ થાય તેના ઉપરથીજ ઇનસાફ આપનારાઓ છે. પરંતુ જ્યાંસુધી અમોને અમારા મુરશીદ, રહેબર, હાજર ઇમામ કે જે હઝરત મૌલા મુશકીલ-કુશા મુરતુઝા અલી (અ) ની સીધી નસલે ઇમામ તે બાબતમાં ફરમાવ્યું હોય, અને આ રીતે મી० કાબા ન. ફ. મીરઝાંના હદ બહારનાં ટીકાનો ફકરો પોતાની મઝહબી ઇમાનદારીનાં કઉવત તરીકે માનનારા હોય, તો તેમને મુબારક. પણ અમને લાગે છે ત્યાં સુધી, મી० કાબા કુરઆન, હદીસ કે સહી રીવાયત અથવા ઇસલામી તવારીખનો દાખલો જાણતા ન

હોવાથી આવી ઉપલકી અને નિંદા ખોરાના આધાર વગરની દલીલો ઉપર પોતાની ટીકાનો મદાર બાંધી લખે છે, તે મી૦ કાબાની કાએલીઅત પણું દેખાડવાને પુરતી છે. અને આવા ફકરાના દંભમાં પણ દુઆ ૧૦૦ વર્ષ ઉપર રચાઇ છે; એમ કયાંએથી લાવી શકયા નથી. છતાં એક તવારીખી ફાંટામાં છેવટે ૧૯ માં પેજમાં જાણે આવા ધડા વગરનાં ભિન્ન સત્તાવાર ફકરા ગોતવાનો વાઘ માર્યો હોય, તેમ લખે છે કે, **એ સીવાય બીજો કોઇ અભિપ્રાય મારા જાણવામાં આવ્યો નથી.**

વાહ! મી૦ કાબા ધન્ય તમારી મહેનત, અને તવારીખી અભ્યાસ, તમો **પીર સદરદીન** અને **દાદુપીર** એ બે જણા આ દુઆના રચનાર તરીકે ગોતવાનું જે લખો છો, તે તો અગાઉના વિરોધીઓએ લખ્યું છે; તેમાં તમોએ શું નવું ઉકાળ્યું? પણ હા નવું એ છે કે પોતે નીચેના ફકરામાં જણાવે છે તેમ **ખરેખરી રીતે એ દુઆ કોણે રચી તે બાબતની સફાઈ આગળ કરવામાં આવશે.** એમ લખ્યું છે; કદાચ તેમાં કાંઇક નવું હશે, તે જોશું; ત્યારે વળી આ કઈ

જાતની લાહેરી? વળી તમો જણાવો છો કે, **પરંતુ ઉપરના અભિપ્રાયો ઉપર એકબારગી ઇતબાર લઇ જઇએ તો તેના દુવાના પહેલા રચનાર પીર સદરદીન ગણાય.** આફ્રીન મી૦ કાબા તમારી આ નવી પદ્ધતિની લખાવાટ માટે, ભલા, તમે પીર સધરદીને રચેલી દુઆ કબુલ કરશો તો રખે તમોને તમારી બુનીઆદ અગાઉના તમારા બપાવાના રૂહને રિજવવાનું થઇ જશે, કે જે તમારી નીયતમાં કે એતેકાદમાં નથી. પણ તમે તો આગળ લખતાં **નિર્વીવાદ વાત** તરીકે દુઆ રચનાર **પીર સદરદીનને** ઓળખાવો છો; અને લખો છો કે **તેનું કોઇ ઇનકાર કરી શકે તેમ નથી;** તો વળી ઇનકાર કરવો કે એકરાર કરવો તે તો મી૦ કાબાજી તમારાજ ભેજા ને વહેજાની વાત છે; તેમાં અમો ઇસમાઇલી-ઓને કાંઇ લાગતું વળગતું નથી. અમોને **હકકુલ યકીન** છે, કે અમો એજ **પીરસદરદીનના** પ્રતાપથીજ આ હકીકતી ઇસલામનાં ઉંચ શિક્ષણને પામ્યા છીએ, અને **એહલેબેતનું દામન** તેમની દયાથીજ મળ્યું છે; તે રોઝે હશર સુધી છુટવાનું નથી. બાકી એવા સિદ્ધાંતો ઉપર ચીચડ કરીને, ગુજરાન ગોતવું તે તમોનેજ મુબારક.

ત્યાર પછીના ફકરામાં વળી પાછું ચીચડ સાંધો છો કે **પીર સદરદીનને કેટલા વર્ષ થયા?** જેમાં વળી પાછા સર જોસફ આર્નોલ્ડ ના હવાલા ટાંકો છો. આવા લખાણો તમારા ઇમાનને મજબુત કરનાર હશે; ખેર જેવી તમારી સમજ. દુવાની તવારીખ ગોતી એપણ મી૦ કાબાને જે **કોલમબસ** જેટલું મહાભારત લાગે છે; અને તેથી છેવટે, પોતાની ભુમીતીના નિયમ વડે લખે છે, કે ખોજાઓની ઉત્પતિ અગાઉ દુઆ પઢાતી નોહોતી. આ શું મી૦ કાબા નવું ઉકાળ્યું? કારણ કે દુઆ જે બંદગીને નામ આપવામાં આવ્યું, તે ખોજાઓ હિન્દુ ધર્મની મૂર્તિ પુજા મુકી ત્યારપછીથી મુકરર કરવામાં આવી ને તે પઢાવવા લાગી. પણ જ્યારે ખોજાઓ નહોતા થયા, ત્યાં એ દુવા પઢે કયાંથી, પણ તેથી શું ઇસમાઇલીઓ નહોતા? અને બંદગી નહીં થતી હોય? નિમાઝ, બંદગી અને દુઆ એ માત્ર ભાષાનોજ ફરક છે. તેમાં મુળ હેતુને કાંઇ બાધ લાગતો નથી; અને એમ કેહેવામાં આવે કે ઇસલામી જેઓ ઇસ્માઇલી ફીરકાના નથી તેઓ પાંચ વખતની બંદગી કરે છે, અથવા પાંચ દુઆ પડે છે; તો તે ખુટું કે બરાબ લગાડનારૂં છે?

નહીં, કદી નહીં. કારણ મૂર્તિની પુજા કરવી એ હેતુ અરબસ્તાનમાં કે હિંન્દુસ્તાનમાં બેઉ ઠેકાણે સારો મનાતો નથી. કારણ કે તેથી ઈનસાનીઅતપણાંમાં એબ આવે છે. પરંતુ **ખુદા વાહેદુલા શરીકની**, બંદગી કરવી અથવા દુઆ ભણવી એમ કહેવું, એ શરીઅતનાં કયા કાયદાથી ઉલટું છે? તે મી૦ કાબા સમજાવશે? અને એ બાબતમાં મી૦ કાબા જે ડહાપણ ડોહળે છે તે અરબીક ભાષાની નિમાઝ તેજ ખરી બંદગી છે; જો એમ કહેવા માંગતા હોય તો તે પણ ખોટું છે. કારણ કે અરબીક ભાષામાં બંદગી કરવી જોઈએ, એમ કુરઆન કે હદિસમાં કોઈ ઠેકાણે લખેલું નથી. અને તેથી મી૦ કાબાની જીદ અજ્ઞાનતા ભરી છે તેમજ તેમનું આકેબત બગાડનારૂં છે; એમ અમો ઈસલામના અને કુરઆને શરીફના ફરમાનથી કહીશું; કારણ કે કુરઆને શરીફ અરબીક ભાષામાં અરબસ્તાનના લોકો સહેલાઈથી શમજી શકે માટે છે; એમ કુરઆને શરીફમાં (સુરતસ સેઝદા આયત ૩) જી માં ખુલ્લું લખેલું છે કે—"કોરઆનન્ અરબીય્યન લેકૌમીન યઅ્‌મલૂન" અર્થ "તે એક અરબીક કુરઆન છે તે કોમ માટે કે જે જાણે છે."

અને એજ દલીલથી બીજા દેશના મુસલમાનો જે અરબીક ભાષા સમજતા નથી, તેઓ બંદગી અને ઊસુલ ફુરૂઅના કાયદાઓ ગુજરાતી ભાષા તથા બીજી સવલ પડતી ભાષામાં જાણનારાઓ અર્થ કરી સમજાવે છે, અને તે પ્રમાણે અમલમાં લાવે છે. આ સ્થળે મી. જદ્દી કાબાને નિમાઝ વિષે અજવાળું પાડવા માગીએ છીએ, કે નિમાઝ કે જેમાં રૂકુ અને સીઝદો વાજીબ છે અને તેમાં અલહમ્દ અને કુલ્હોની સુરા પઢાય છે, તે સુન્નત છે; અને તે સુરાઓના બદલે બીજી દુઆઓના શબ્દોવાળા સુરા અથવા અલ્લાહના વખાણવાળી સુરા પઢાય છે, તે અમારી ઇસમાઇલી દુઆને સબળ પુરાવે સિદ્ધ કરે છે કે **નિમાઝ, બંદગી** કે **દુઆ,** તે કુરઆનમાં ફરમાવ્યા મુજબ **સલાત** ગણી શકાય. આ બાબતમાં મી. કાબા અજાણ છો, માટે **મુઝતહેદો, આલીમો** અને **મુલ્લાઓ** વગેરેને પુછવા જવાથી તમારી ઇમાનદારીના ટકા ગણાઇ જવાની દહેશત રહેતી હોય તો તમારા **હાજી તાજી** જેવાને પણ પુછીને ખાત્રી કર્યા પછીજ પોતાની જુઠી કલમને આગળ વધારશો. અને ઇસ્નાશરી મઝહબની તરફી જે ગુજરાતી કિતાબોથી

માનો છો તે પણ સિદ્ધ કરે છે કે, જો અરબીક ભાષાના માહા-ત્મને વળગી રહેવામાં આવ્યું હોત, તો કદી પણ ઇમાનદારી સમજી શકાત નહીં, અને આ ઉપર અમો ફરીથી કહીશું કે દુઆ ૧૦૦ વર્ષ પહેલાં નહોતી, અથવા પીરસદ્દરદીનના અગાઉ નહોતી, એમ કહેનારે ઇસલામ અગાઉ નિમાઝ નહોતી એમ કહેવા બરોબર છે. અને એમ કહેતાં **તૌરાત જંબુર અને ઇનજીલ** માનનારાઓ, જેઓમાના ઇસ્લામના શત્રુ હશે, તેમનો જવાબ સાંભળવા કાન ખંખેરી કાબાને તૈયાર રહેવું પડશે. પણ તે અગાઉ **હ. આદમ** વગેરે નબીઓ એક લાખને ચોવીસ હજાર થયા છે તે બધાં અરબીક ભાષામાં નિમાઝ નહોતા પઢતા અને તેથી તેઓ પણ ઇસમાઇલી માફક અરબીકમાં નિમાઝ નહોતા પઢતા, તેના જેટલા ટીકાને પાત્ર મી. કાબાનાં નજીસ વીચારો મુજબ ઠરે. અફસોસ તમારા ખબીસ બિચારો માટે!!!

મી૦ કાબા તમો ખોજા ઇસમાઇલી બંદગીના માટે લખતાં લખતાં, ઇસમાઇલીઓ માટે લખવા મંડયા. પણ હિન્દુસ્તાનની બહારના લાખો ઇસમાઇલીઓ (જેઓ અરબસ્તાન, ઇજીપ્ટ, ઇરાન

કાબુલ, ચીત્રાલ, બદકશાન તથા સરહદ તરફનાં પહાડોમાં વસનારા છે તેઓ) તમે જેમ કહો છો તેમ અરબીકમાં નિમાઝ પઢે છે, કારણ કે તેઓ અરબીક જાણે છે, અને અરબીક નિમાઝ માટે ઇસમાઇલીઓ છીટ ધરાવતા નથી. પરંતુ પોતાને સમજ પડે તેવી ભાષામાંજ અલ્લાહની બંદગી ઇમામના હુકમથી ગુજારે છે; તે તમે જાણો અને જુઓ.

આ રીતે બંદગીની રૂઢી શરીઅતના અકાયદમાં નિમાઝનો નિયમ પલાય છે, પરંતુ ઇસ્માઇલી મઝહબ તો શરીયતથી એ વધુ દરજ્જાનો એટલે હકીકતી ઇસલામ છે અને તે સુફીઝમ જાણનારાઓજ તેની મહત્તા શમજી શકે છે. મી૦ કાબા શરીયતીના દાવામાં પણ પોતે ખલલ કરનારા છે એમ કહીશું. છતાં મીયાંભાઇની ટંગડી ઉંચી ને ઉંચી રાખવા માફક, હકીકતી ઇસલામ વીષે તેણે ઇસ્નાશરીના શરીયતી મુઝતેહદોની તકલીદ મુકીને કોઇ સુફીમતના આશ્રયે તાલીમ લેવી ઘટીત છે. અને તે પછીજ ઇસમાઇલી મઝહબની બંદગી માટે વીચાર બાંધવાનો હક થશે. મી૦ કાબા ઇસનાશરી ખોજા જમાતમાં પોતાના

ડુલમુલ પણામાં માથું મારી બહેકી ગયા છે; પણ સુપ્રીઝમ એક લોખંડી દીવાલ છે, તેની સાથે માથું અફાળતાં ભેજું ફાટી જવાનું જોખમ વહોરવા તૈયાર રહેવું જોઇએ. ઇમાનદારીની જાહેરમાં મોટી મોટી વાતો કરવી અને શાહી કલમનો ગેર ઉપયોગ કરવો એ આ જમાનામાં મી૦ કાબા તમને રમત થઇ પડી લાગે છે અને **નહીં ઝાડ ત્યાં એરંડો રૂંખ** એ કહેવત મુજબ તમોએ હાલ જે વાગ્ર મારવા માંડયો છે તે ચાર દહાડાના ચાંદરડા જેવું છે. કારણ કે તમારા ભાંગરા વાટેલા મઝહબી લખાણો માટે તમારા શરીઅતી ઇસ્નાશરી આલીમો માંના એકનું પણ સરટીફીકેટ મેળવી શકો તેમ છો નહીં. તેથી તેને પગલે ચાલનારા ઇસનાશરી ખોજાઓ તમારા આવા ગે ડોળ લખાણો ઉપર મચક આપનાર નથી. તેમ ઇસમાઇલી જેઓ ખરી રીતે જાણનારા છે તેઓના વીષે તો તમોને અનુભવ લાગે છે; તેઓતો તેમ બીલકુલ હાથમાં લેવાના નથી. રહ્યા બાકી અર્ધ દગ્ધ ઇસમાઇલીઓ જેના ભરોંસાપર નાચવાનું ગમે છે; પણ તેઓએ લાકડાના લાડુ ખાધા નથી ત્યાં સુધીજ મોઢામાં પાણી લાવે છે. પણ જે દાનાઓ અને વીચારવંત છે તેઓ જાણે છે કે

**નામદાર આગાખાન જેઓ ફરજદે રસુલ અને મૌલા મુર્તુઝા અલીની સીધીનસલે જમાનાના ઇમામછે** તેમના તુફૈલથી ઇસમાઇલી જમાતની દીન બ દીન કેવી ઉન્નતી થતી જાએ છે, તે ધીરજથી જોયા પછી ઇસમાઇલી જમાતના કાબુ-માંથી નીકળી જવાનું પસંદ કરે નહીં, પરંતુ કેટલાક વાળ્યા નહીં વળે, પણ હાર્યા વળે તેવા છે તેઓનો ગટતો ફેજ આવવા વગર છુટકો નથી; અને તેટલાજ માટે તમો જે ઉદ્ધત અને અણવાકેફ તથા બીન અનુભવીના લખાણો છુપાં છુપાં વાંચશે અને પોતાના કાચા ઇમાનની હાલતમાં ઝાંઝવાના જળ નિરખી મલકાશે. તેનીજ ખાતર આ તમારા લખાણનો જબાબ લખ-વાની મારા જેવા એક રઝળી રખડીને ઠેકાણે આવનારને અગત્ય જણાય છે, નહીં તો મી. કાબા તમારી ફીલસુફી કચરાની ટોપ-લીને હવાલે થવા લાયક છે, એમ અમારો આધીન મત છે.

તમારા બીજા લેખોની ખબર લેવા મને મારી ફરજોમાંથી નવરાશ નથી, પરંતુ આ જબાબ માટે મારા મનની હોંશ પુરી કરવા વગર રહી શકાતું નથી; કારણ કે તમો શરૂઆતમાં

કુરાને શરીફની આયાત મુજબ પરહેજગારી ધરાવતા નથી; એમ હું જાણું છું. અને તેથી તમને ઉપજેલી બુદ્ધિ ત્યાં સુધી નકામી છે; કારણ કે જો પરહેઝગાર હોય નહીં તેને કુરઆને શરીફથી હીદાયત પહોંચતી નથી. તમો તવારીખના ફાંટામાં વિરોધી લખાણોના ફકરા ટાંકી તમારી કલમ ચલાવી તેના કરતાં બંદગી માટે તો કુરઆને શરીફમાં કયાં વિગતો ઓછી છે? પણ તમોને તે દેખાય શાની? જુઓ સુરતુન નુરની આયત (૩૬) મી માં છે કે—

"ફી બોયુતીન અઝેનલ્લાહો અન્ તુરફઅ વયુઝકર ફી હસ મોહો યૅાસબ્બેહો લહુ ફીહા બીલ ગોદુવ્વે વલ્ આસાલે."

અર્થ—જે **દરખાનાઓ** એટલે **ઘરો**માં ખુદાએ ગરવાનગી આપી છે, કે તેમાં આવાઝ ઉંચો કરવામાં આવે; અને તેમાં તેનું નામ યાદ કરવામાં આવે. તે **દરખાનાઓ** માં માણસો સવારે અને સાંજે તેની પવિત્રતા યાદ કરી સ્તુતિ કરે છે

મી. કાબા આ આયાતમાં બતાવેલા ઘરો ને મસજીદ નહીં પણ તમો જે ઇસમાઇલી જમાતનું બંદગી કરવાનું ખાનુ

ઓળખાવો છો. અને મસજીદના અર્થમાં ફેરવવાની કોશેશ કરો છો, અને **પીરસદરદીનના** કુરઆને શરીફ મુજબના અર્થ-વાળા નામ માટે ઇસમાઇલીઓને જેમ તેમ સમજાવો છો, તે **મસજીદ** નહીં, પણ **ઘરો** જેનો ફારસી ઉચ્ચાર **દરખાનાઓ** થાય છે; અને યાદ રાખવાનું છે જે અસલ કુરઆન શરીફમાં મસ્જેદુલ હરમ, અથવા મસજેદ નથી, પણ **બયત** શબ્દ છે. જેનો અર્થ ખાનું થાય છે અને **આસ્તે આસ્તે તમારી મહે-રાબની ગોઠવણીથી મસ્જીદ હોવી જોઇએ;** એવા કુરઆને શરીફથી વિરૂદ્ધ અથ ઉઠાવો છો, ને ઇસલામનો દાવો કરો છો તે અજાણ્યા ઇસનાસરી ચલાવી લે. મન ઘડત અર્થ કરવા પહેલાં **પીર સદરદીન** ની બુઝરગીનો ખ્યાલ કરવો હતો; પણ નહીં, તમો પરહેઝગાર નહીં હોવાથી કુરઆને શરીફ તમોને બોધ કરશે નહીં; જેથી ખોટી ગીબત સીવાય સારૂં સુઝશે પણ નહીં.

**એજ આયતમાં,** તમો પાંચ વખતની નિમાઝને ઇસ્ના-સરી ત્રણ વખતમાં અદા કરે છે, તેમ બંદગી ઇસમાઇલીઓની

હતી. પણ દુઆ નહોતી કરી કહો છો, તેનો પણ સ્પષ્ટ જવાબ છે કે, તે "**ઘરોમાં તે માણસો સવાર અને સાંજે તેની પવીત્રતા યાદ કરી સ્તુતિ કરે છે**" તે એમ સાબિત કરે છે કે, જેમ સવાર અને સાંજે ઇસમાઇલિઓ દુઆ પઢે છે, તેવીજ રીતે મજકુર આયતથી પણ સ્પષ્ટ થાયછે. "પાંચ વખતની નિમાઝ તેત્ર ણુ વખતમાં પુરી કરવી" આવી આવી વાતો સુન્ની મુસલમાન ભાઇઓના અકાયદને તોડી પાડવા જેવું છે; ત્યારે અમો ઇસમાઇલીઓની બંદગી ખાસ અહીં સ્પષ્ટ થાય છે. કારણ કે કુરઆને શરીફમાં મુસલમાન અને મોમીન એવા બે જાતના સંબોધન છે, તેમાં આ અકાયદની હકીકત અમો હકીકતીઓ માટે સમજીએ છીએ કારણ કે તેમાં લખ્યું છે કે,-"તેમાં અવાઝ ઉંચો કરવામાં આવે છે અને તેમાં તેનું નામ યાદ કરવામાં આવે છે"-તેનો અર્થ અમો "એહલે બૈતને ખુદાનું નુર છે" તેમાં **મૌલાઅલી અલ્લાહ** તરીકે બુલંદ અવાઝે **અલી અલ્લાહ** એ કહેતા આવ્યા છીએ; તે અને આ રીતે કુરઆને શરીફમાં બતાવેલી "ખાસ બંદગી ખાસ ઘરોમાં" **હજરત નબી મહમદ (સ. અ'વ.) અમારા અવલ**

**પીર** ના વખતથી ગુજારીએ છીએ તેમાં મી૦ કાબાની શું ગુંજાસ છે; કે ન માને! હા એકજ બાબત છે કે એ બાબત કુરઆને શરીફથી નીસ્બત રાખતી હોવા છતાં મી૦ કાબા તમો પરહેઝગાર નહીં હોવાથી તમોને હીદાયત કરશે નહીં; ને બીજું, ત્રીજું જેમ આવ્યું તેમ બોલવાનું હોય, તે ભલે બોલો બકો, પણ જો પરહેઝગારી અખત્યાર કરશો તો કબુલ કરવું પડશે. માટે જો ગમે, તોજ પરહેઝગાર થજો.

અમો ઇસમાઇલીઓ **ના૦ આગાખાનને ખુદાનું નુર** તરીકે, **ઈમામ** ગણીએ છીએ; તેને તમો ચતુર પુરૂષ માનો છો, તેપણ કુરઆન શરીફના ફરમાન વિરૂદ્ધ સાબેત થાય છે કારણ કે—**અલ્લાહો નુરૂસ-સમાવાતે વલઅર્જ** — અર્થ—અલ્લાહ જમીન અનેઆશમાનનું નુર છે. અને **યહદીલ્લાહો બેનુરેહી મંય્યશાઓ**—અર્થ—"ખુદા પોતાના નુર વડે જેને ચ્હાય છે તેને રસ્તો બતાવે છે," તો એ અલ્લાહ જે જમીન અને આસમાનનું નુર છે, ને પોતાના નુર વડે હિદાયત કરે છે, તો અમોને **હ. અલી** જે ખુદાનું નુર હતા, તેની સીધી નસલે ઉતરી આવેલા અમારા **હાજર ઇમામ નામદાર**

**હાલના આગાખાન ૪૮ મી પેઢીએ છે.** અને તે **હદીદુસ સકલૈન** મુજબ કુરઆન અને ઇમામ તરીકે આ દુનીઆમાં સાથે જાહેર છે. (પણ ગેબ નથી) જેનો એક છેડો દુનીઆમાં અને બીજો છેડો ખુદાથી છે, તેમના વડે અમોને ઇસલામના હક રસ્તાનું જે રીતે ફરમાન થાય છે, તે અમારે બજાવવાની ફરજ છે. નહીં કે તમારા જેવા એક કનિષ્ટ હિમતવાળા અને બાપ દાદાએ (૫૦૦) વર્ષના અખત્યાર કરેલા ધર્મથી વિમુખ થએલ કે જેને કુરઆને શરીફ પણ ( પરહેઝગાર નહીં હોવાથી ) બોધ કરતું નથી, તેવાના લખવા સામે તીરસ્કાર બતાવ્યા સીવાય જોવાનું પણ હોય?

મી૦ કાબા આ રીતે તમોએ રેંગી રેંગી લંબાણ ચીતરેલું બધું નકામું અને માલ વગરતું થઇ પડે છે.

ઉપરાંત તમો દુઆ ઇસમાઇલી મઝહબની નહીં હોવાની મહાન શોધ તરીકે જુદી જુદી ભાષાના સમાવેશ હોવાનું સ્પષ્ટ કરો છો; પરંતુ તમારે આ નીચેનું વાકય તમારી વાળ વગરની છાતીની ચામડીપર લખી રાખવું કે, અમો **નામદાર આગાખાન સાહેબને** ખુદાનું નુર તરીકે **હાજર ઇમામ**

માનીએ છીએ, અને **પીરસદરદ્દીન** જેઓ **હ. નબીમહમદ મુસ્તફાનુ" નુર છે,** તેથી તેની રચેલી દુઆને અમો સવારે અને સાંજે જમાતખાનામાં ગુજારીએ છીએ. તે અમારા મનથી નિમાઝ જેવા દરજ્જાની બંદગી ગણીએ છીએ, તેમાંથી અમો અમારા દ્રઢ યકીનના લીધે બાલ ભર પાછા હઠવાના **નથી;** પછી તમારા જેવા ફોકટીઆ ભલે ગમેતેમ લખી મરે.

દુઆની ભાષામાં ભેળસેળ પણા માટેની તમારી ટીકાને કુરઆને શરીફ વિરૂદ્ધ મક્કાના કાફરોના દુરાગ્રહ જેવીજ ગણી શું. કારણુ કે ઇમાન (વિશ્વાસ) શું ચીજ છે? અને તે જાળવી રાખનાર કેવા હોય છે, તેનું ભાન તમારા જેવાને હોવું મહાલ છે. જે અહેલેબૈત વિરૂદ્ધ બોલે અને તેમના ફરમાન ઉપર અવિશ્વાસ ઉભો કરે, તે ઇસ્નાસરી તો શું, પણ મુસલમાન કેવી રીતે ગણાય? એ પણ એક સવાલ છે.

મી૦ કાબા, જાઓ તમારા મુઝતેહદો, આલીમો, મોલવીઓ, અને મુલ્લાંને પુછો કે, (બએત)=**બેહુબ્બે અહેલેબૈત, ઈબાદત હરામહય; જાહેદ તેરી નમાઝકો, મેરા સલામહય,** એનો અર્થ શું? અને તેનો જવાબ મેળવ્યા પછીજ **ઈસ્માઈલી ધર્મ** વિષે, અને **ના૦ આગાખાન** વિષે, અને **દુઆ** વિષે લખજો.

# ફિતુરી ફતવાને ફટકો.

[ લખનાર–E. J. વરતેજી. ]

## પ્રકરણ ૨) જો.

આયત–ફમન યઅમલ મિલકોલ જરતીન ખયરંય યરહુ;
વમન યઅમલ મિસકાલ જરરતીન શરંય યરહુ,
સાર–ભલુ બુરૂં ભવ તણું આણું પરભવમાં સૌ પેખશે.

આ કુરાઆને શરીફનાં મહા વાકયની યાદ આપતાં મી. કાબાતમોએ **ના. આગાખાન** જે અમારા રહેનુમા, પેશવા, ઇમામુલ વક્તને માટે કુફરના ફતવાની નોંધ ઉતારી તમારૂં વાસ મારતું મોઢું ખોલ્યું છે; તે બાબતમાં ગુજરાતી લખી

વાંચી જાણુનાર આલમ સામે તમોજ હૈયાત જવાબદાર છો. જ્યારે રાંદેરવાળા મોલવી ગુલામ હાફેજ સાહેબ તો ખુદાની દરબારમાં પોતાના ભલા બુરા કૃત્યોની જવાબદારી માટે પોહોંચી ગયા છે, ત્યારે તમારી હૈયાતીના દમ સુધી નેક ખસલતના શીરસ્તાઓ તમારા બિન્ન હેસીઅતપણાને નફરત કરતા રહેશે. કારણુ કે જે કોઇ **નનામા** આસામીના નામથી ગુજરાતી નહીં જાણુનાર આલમના સામે મુસલમાનોમાં તફરીકા પાડવાનું ભયંકર કૃત્ય કરવામાં આવ્યું, તેના કરતાં તમારૂં બેડોળ નામ અને તમારા બાપદાદાએ જેનું મુરબીપણું સ્વીકાર્યું તેનાથી નિમક હરામી કરવાની તમારી હીમાકત ભરી હિંમત સિદ્ધ કરે છે. ઇસલામની શરૂઆતથી આજસુધી જે તફરકા પડ્યા છે અને તેને લીધે મુસલમીનોની જે અવદશા થઇ છે તેના કરતાં પણ તમારૂં આ કૃત્ય એવું છે કે જેના મરવા પછવાડે ઇનસાન જાત, **ખુદા એના રૂહને શાન્તિમાં રાખે** એમ કહેતાં પણ આંચકો ખાય. **ફતવો !** એ શબ્દ ઇસલામી ભાષાઓમાં કોઇ ગુચવણ ભર્યા જમાનાના ફેરફારવાળા સવાલ માટે પુછવામાં આવે છે; અને તેમાં પણ ઇસલામની બેહેતરી મુખ્ય જળવાયલી

રાખવા માટેજ. પરંતુ ઇસલામમાં તફરકા પાડવાની કોશેશ કરવાના સાધન તરીકેનાં ફતવા માંગનારાઓ **મૌલાના રૂમીની** નીચલી બૈત પુરવાર કરે છે.

બૈયત.-અએ બસા ઇબલીસ આદમ રૂઇ અસ્ત,
પસ ન બાયદ હર કસીરા દાદે દસ્ત.

અર્થ-ઘણા આદમની સુરતમાં ઇબલીસ હોય છે, માટે દરેકના હાથમાં ઇન્સાફ હોવો જોઇતો નથી

**ના૦ આગાખાન** એહલે બેત રસુલ, અને **હ. અલીની** સાધા નસલે ઇમામતનો દાવો કરે છે, છતાં તેને નહીં સ્વીકારનારાઓ કઇ રીતે તેમના વિરૂદ્ધ ખ્યાલ કરે છે? તે સમજવાને ઇસ્લામના સહી તવારીખોના વર્ણનો છુપાં નથી. પરંતુ ત્યારે અજબ થવા જેવું તો એ છે કે આજે **ના૦ આગાખાન** હિંદના ઇસ્લામીઓની બેહેતરીના સવાલમાં જે કાળજી ધરાવે છે, તેના બદલા તરીકે ઇસ્લામીઓમાંના કોઇ છુપા નામથી તેમને હલકા પાડવાની કોશેશ કરે; તે પોતાનાજ પગમા કુહાડો મારવા સરખું વહેવારી દ્રષ્ટીથી થઇ પડે છે. છતાં

ઇસ્લામના પવિત્ર હુકમો માટે તેઓ રોજે કયામતમાં જંગે સિફ્ફીનનાં ખારજીઓ જેટલાજ જવાબદાર છે.

વકીલ નામના પત્રના એડીટર જેવા હોશમંદ ઇસલામી ખૈરવાહ અને રાંદેરવાળા મોલવી ગુલામ હાફિઝ સાહેબ એબે સુન્ની મુસલમાનભાઇઓની **ના૦ આગાખાનના** ફતવાની હીલચાલ માટેની કોશેશોથી ચાલુ જમાના માટેની ગણુતરી કરવાને અમોને કારણુ મળે છે; કે મરહુમ મોલવી ગુલામ હાફિઝના માટે અમોને બીજી દરેક હીલચાલ અને કોશેશો માટે માન છે; પરંતુ તેઓ કોઇ બીન સતાવાર આસામીની કેરીઅત ઉપરથી દોરવાઇને ઇસ્લામમાં તફરકા પાડવાનું કામ કરતાં ઇમાનદારી સમજ્યા છે; ત્યારે વકીલ પત્રનાં એડીટર જેવા હોંશમંદ તેની ખરાબીની પીછાનત કરી, એવા તફરકાના કૃત્ય માટે અટકાયતથી કાબેલીયતપણું પુરવાર કર્યું છે.

આવા મુસલમાનોના હિત અહિતના મહાન પ્રશ્નોમાં મી૦ કાબા જેવા બીન હેસીયતના માથું ઘુસાડવાના ન છાજતા પણાનો પુરાવો પોતી બુકનાં પેજ, ૬૧, ના બીજા પેરેગ્રાફમાં નીચે મુજબ જણાવ્યું છે.

## વગર હેસીયતનો કાબા શું બકે છે?

" અને અહીં એમ જણાવવાની પ્રબળ ઇચ્છા છે કે જો હું
" શેખુલ ઇસ્લામ તથા શિઆ મુઝતેહદો પાસે હાજર હતે, કે
" જેમણે ફતવો આપેઓ છે; અને જો તેઓ મને આગાખાની
" ટોળાના અકાયદો સબંધે પુછતે તો હું એમ જણાવતે કે, તેમના
" ધર્મના પુસ્તકોમાં સઘળા અકાયદો તથા માન્યતા ઇસ્લામ
" પ્રમાણેનાજ છે; પણ તેમના કેટલાક અજ્ઞાન મુરીદો આગા-
" ખાનની અજાણમાં આગાખાનને ખુદા કહે છે, અને તેવી
" દુઆ પઢે છે, કે જેને રજુ કરી આપની પાસેથી ફતવો
" માગવામાં આવ્યો છે; આગાખાને કદીપણ પોતે ખુદા છે
" એમ જણાવ્યું નથી, બલકે તેમણે તો ખુદાની તોહીદ, નમાઝ
" રોઝા વીગેરેના શીક્ષણની બુકો પણ છપાવી છે, તેટલું કહી
" કનઝુલ મસાએબ, ખોજા મઝહબના કેટલાક મુળ તત્વો,
" સિંધી બુકો વગેરે તેઓના મુબારક હાથમાં મુકી આપતે.
" અને જ્યારે તે સઘળાથી તેઓ માહિતગાર થતે, અને જ્યારે
" તેમને ખાતરી થતે કે આ બાબતમાં આગાખાનનો કાંઇ
" વાંક નથી, માત્ર થોડાં અજ્ઞાન માણસો તેમને ખુદા કહે છે; કે

" જેમ કહેવડાવવાને આગાખાન ખુશી નથી. ત્યારે જરૂર જરૂર
" તેઓ તે ફતવો જેવા તેમણે આપ્યો તેવો આપતે નહીં.

ઉપર મુજબ મી૦ કાબાની વાતો સિદ્ધ કરે છે કે ઈસ્નાશરી મઝહબના મુઝતેહદો અને શેખુલ ઇસ્લામના સુન્ની અને શિઆ એ બેઉ મઝહબના મહાન ફીરકાના સત્તાધીશો મી૦ કાબા આગળ કુચ્છ બીસાતમાં નથી. આમ કહીને મી. કાબાએ સુન્ની ભાઇઓના ઇસ્તમબોલના શેખુલ ઇસલામના દરજ્જાને અને ઈસ્નાશરી મઝહબના નાયબે ઇમામોનો દરજ્જો ભોગવનાર મુજતેહદોના દરજ્જાને પોતાની કાબેલીઅત બતાવી તેને ઉતારી પાડતાં, સુન્ની અને શિઆ બેઉ ફીરકાની તિવ્ર લાગણી ઉશકેરી છે; ઇસ્નાશરી ખોજાની પરદેશી આસ્થામાં મોહાંધ થએલા-ઓને રાજી કરવા જતાં અથવા પીરાણાં પંથના સાદા લોકોને કાબુમા લેવાને વલખાં મારતાં દુનીઆપરની વસ્તી શિઆ અને સુન્નત જમાતના કરોડો મુસલમાનોના સરદારો સામે અઘટિત ફાંટો બતાવી ઇમાનદારો તરફથી તિરસ્કારનો નિશાનો મી. કાબો બન્યો છે; અને જાતી મગરૂરીની સીફતોના પહાડથી તકુબ્બરીના તળીએ પછડાઈ પડતાં સાબેત કર્યું છે કે,

## બયેત.–તકબ્બુર અઝાઝીલ રાખ્વાર કર્દ,
## બઝીન્દાને લાઅનત ગીરફ્તાર કર્દ.

આવી જાતની તકબ્બરીથીજ મી૦ કાબાની ઓખાદ જણાઇ આવે છે. કયાં ઇસ્તમબોલના શેખુલ ઇસલામનો દરજ્જો અને કયાં કાબાનું કચુંબર ભેજું, કયાં ઇસ્નાશરી મુઝતેહદો અને કયાં મી૦ કાબાનું વેજું. અને આ રીતે સુન્ની અને શિઆ મઝહબના માનવંતો સામે મી૦ કાબા એમ કહે છે કે હું તેઓને ખાત્રી કરી આપતે અને ફતવો ફેરાવતે! ત્યારે એ ઉપરથી ફતવો આપનારાઓ જેને કાબા પોતાનું ધારેલું સમજાવી તેમને તાલીમ આપી ઉસ્તાદ બનવાનું માનતા હોય, તો તે પરથી ફતવાની કીમત આપોઆપ અંકાઇ જાય છે; અને સમજાય છે કે એ ફતવો આપતી વખતે શુ બાબતો ધ્યાનમાં રાખીને ફતવો આપવો જોઇએ. તેપણ તેમને ખબર નથી. અમો હરગેઝ મી૦ કાબાની માફક શેખુલ તથા ઇસ્નાશરી નાએબ ઇમામોને તેવા સમજ શક્તિની ખામી વાળા ધારતા નથી, છતાં મી૦ કાબાને તેમના સંબંધે વધુ અને અંગત ખબર હોવી જોઇએ, જેથી આવું લખે છે.

પરંતુ વકીલ પત્રના એડીટર સાહેબના પ્રસિદ્ધ ખુલાસા મુજબ એ ફતવો બેબુનીઆદ છે, અને તે કોઇ બીજા જોખમદાર હસદખોર આસામી મારફતે બહાર આવ્યો છે; કારણ કે ઇમામુલ વક્ત માટે કોઇ ઇસલામી તરીકે દાવો ધરાવનાર કદી પણ ફતવો આપી શકે નહીં; અને તેટલા માટે પ્રથમ મી૦ કાબાને અમરીતસર તા. ૩૦–૩–૧૯૧૨ ના વકીલ પત્રના અંક માંથી તેમણે કરેલો ઉતારો કે જેમાં હોશમંદપણું અને ઇસિલામી ખેરખ્વાહી બતાવવામાં આવી છે, અને તે સાથે ફતવાની બે બુની-આદી વજુદદાર રીતે સિદ્ધ કરી છે, તે મી૦ કાબાના તકુબરી ખ્યાલોના જવાબ તરીકે નીચે રજુ કરીએ છીએ. (જે ખોજા પંથ દર્પણ ભાગ આઠમાંના પાના ૫૯) માંનો ઉતારો છે.)

## "વકીલ પત્ર અમરીતસર તા. ૩૦–૩–૧૯૧૨."

# તકફીર બે બુનિઆદ હય.

હમારી રાએમે યેહ ફતવા નાકાબીલ એતેમાદ હય, ઇસ લીયે કે ઇસલામ **"લા ઇલાહ ઇલલાહ વ મહંમદ રસુલીલ્લાહ"** કે સચ્ચે એતેકાદ પર મંમબા હય. આગા-

ખાની નિમાઝકી કેફીયત મઝકુરા બાલાસે યેહ ઝરૂર માઅલૂમ હોતા હય કે, ઇસ તરીકે કે પૈરો અપને પેશવાકો ખુદાકા અવતાર માનતે હય બેશક યેહ અકીદા સખ્ત કાબેલ એતેરાઝ હય, મગર ઇસસે ખુદાકી ઉલુહત ઔર પેગમ્બરકી રીસાલતમે ફર્ક નહીં આતા, આગાખાની ગીરોહઆ ભી ખુદાકો મઆબુદે મુતલક વ પરવરદીગાર બરહક વહેદહુ–લા–શરીકલહુ માનતે હય, ઔર રસુલ (સ૦) કી નબુવતકાભી મુન્કર નહીં હય, લેહાઝા કુરઆને કરીમકી ઇસ તાઅલીમકે મુતાબીકકે

આયત–કુલિલ્લાહો સુમ્મ: ઝર્હુમ ફી ખુજેહીમ યલ અબૂન.

અર્થ–અલ્લાહે કહ્યું (કે) એઓને પોતાના સંવાદમાં રમતા મુકી દે.

"ઇસ ગીરોહકો દાયરેએ ઇસલામસે ખારેજ નહી કીયા જાશકતા. તકરીબન યેહી અકાયેદ તમામ ઇસ્માઇલી ફીરકેકા હય, જીનકી સદીઓં તક **મીસર** વ **મગરેબમે** અઝીમુશાન સલતનત રેહ ચુકી હય મગર કીસી મુસલમાનને ઉનકી તકફીર નહીં કી.

ઝીઆઉદ્દદીન એફેન્દી શેખુલ ઇસલામકે ઝમાનેકા એક નિહાયત તવીલ મુદત ગુઝર ચુકી હય. ઇધિર કઇ સાલોંસે હઝરત મુસા કાઝેમ એફેન્દી શેખુલ ઇસલામ થે, ઓર અબ દો તીન માહાસેં શેખ અબદુર રહેમાન નસેબ એફેન્દી હએ. ઝાહેર હય કે મઝકુરે બાલા ઇસ ફસાય ઇ. સ. ૧૯૧૧ સે પેસતરકા નહીં હય મગર ઇસિ ઝમાનેમે ઝીઆઉદ્દીન એફેન્દી જબ શેખુલ ઇસલા હી નથે તો બે હેસીયત શેખુલ ઇસલામકે વોહ ઇસપર દસ્તખત કયુંકર સકતેથે?

ફતવેકે છાપનેવાલોં કે ઓર મુરતબ કરનેવાલોં કે નામ મઝકુર નહીં હય; ઓર વઇ સહી સમેતકા સાબુત મોઝુદ હય.

આખુન્દ ખુરાશાની ઇનિતેકાલ કર ચુકે હય: બીલ ફર્ઝ અગર યેહ ફતવા ઉનહીકા હો, જબભી વફાતકે બાદ કીસી શિઆઉલ મઝહબ સહ ઉનહી તકલીદ વાજીબ નહીં રહી.

———:o:———

ઉપરનું લખાણ મી૦ કાબાએ વાંચવા પછી, જાણવા પછી અને પોતાનાં પુસ્તકમાં છાપવા પછી પણ તેમાંની હકીકતથી વાકેફ થયા હતે તો, અથવા જો તેમાં સ્હેજ બી અક્કલનો છાંટો હતે તો ઇસમાઇલી મઝહબની દુઆ (બંદગી) માટે નકામું ચીચડ સાંધતાં શરમાતે અને **ના૦ આગાખાન** ને ખુદાનો અવતાર માનનારાઓ ઇસલામી નથી, એમ અર્ધ-દગ્ધ લખી પોતાનું ડહાપણ ડોળતે નહીં.

અમોને દહેશત છે કે, આ સીધો અને વહેવારીકપણે ઉભરતી લાગણીથી કડકપણે પણ ખરો જવાબ મુદ્ધાઓથીજ આપેલો છે, પણ મી૦ કાબાની માફક અર્ધ સત્તાવાર અને વિરોધની દલીલો ઊપર મદારવાળો નથી; મી૦ કાબા વકીલ પત્રનાં એડીટરના ઉમદા મુસ્તનદ અને ઇસ્લામની બહેતરીના અકાયદોની હદમાં ફતવાને ખોટો ઠરાવેલ છે, તે ખુલાસો ન સમજ્યા તો પછી અમારી હક દલીલો અસ્નાશરી મુઝતેહદો અને શેખુલ ઇસલામોથી વધુ દોઢ ડાહ્યલાપણામાં ગુમાનમંદ

નકામા થઇ પડે, તેમાં નવું લાગશે નહીં; અને અમારૂં કુરઆન શરીફથી જે શરૂઆત મુજબ કહેવું છે તે મુજબ મી૦ કાબા તમો પરહેઝગાર નહીં હોવાથી તમોને હિદાયત થશે નહીં, અને પરહેઝગારીપણું (એહલેબૈત) **ઝમાનાના ઇમામની** મોહબ્બત સિવાય શ્રેષ્ટ નથી, કે જે માટે, તમારા જીગરમાં જગા નથી, તમારા ભેજામાં સમાવેશ થાય એમ લાગતું નથી, તો પછી રખે અમારી સમજાવટ જો તમારા ગુમાનમાં તણાઇ રહેતાં અર્ધદગ્ધ ખોજાઓને ઉપયોગી થાય તો પણ ગનીમત.

મી૦ કાબા, જરા સમજો, શેખુલ ઇસલામથી ચડીઆતો દાવો કરવામાં સુન્નત જમાએતના કાબેલ એતેકાદનાં બીરાદરોની લાગણીનો ખ્યાલ કરો, આંચકો ખાઓ ઇસનાશરીઓના મુઝતેહ દોથી હરીફાઇ કરવામાં અને તેમ કરતાં "હાજી નાજી" ના તમારા માટે એ ઇમાનના ફતવાનો ખ્યાલ કરો; મી૦ કાબા તમારી આવી આવી ફુગીને વાતો કરવાની ટેવમાં સુંદરતા લાગતી હોય તો તે ઇમાનની ખરાબી છે; બીજાને તારવા જતાં તમો બુડી મરશો, અને **એહલે બૈતના** વિરૂધ્ધ ફાંકો રાખનાર એજ ફેજે પોચ્યા છે. જંગે સફીનમાં **હ૦ અલી** વિરૂધ્ધ

તમારા જેવાજ **એહલેબૈત**ના દોસ્તોના વીચારથી લડવા પછી ફતવો આપી ખારેજ થયા છે. **ઇમામ હુશેન** વિરૂધ્ધ યઝીદની ફેવરમાં ફતવો આપનારાઓનાં કાળાં મ્હોડાં હજી મટયાં નથી; ત્યાં વળી એજ ઇમામની સીધી નસલે ઉતરી આવનાર અને ઇમામુલ વક્તનો દાવો કરનાર અમારા **ના૦ આગાખાન**ના વિરોધી, અને બીજા જોખમી આસામીઓએ મેળવેલા ફતવાને પ્રસિધ્ધ આપી, દીન અને દુનિઆમાં શામાટે **એહલેબૈતના** દુશ્મન થાઓ છો. અને ઇસ્લામનો ઉંચો દરજ્જો જે હકીકતી ઇસલામનાં મહાન સિધ્ધાંતોનો, **પીરસધરદીન** જેવા માનવંત કે જેઓએ આપણાં બાપદાદાઓને સમજાવી મૂર્તિપુજા મૂકાવી ખુદાના નુરની પરેસ્તીશ મહાન સિધ્ધાંતોથી શાખવી, તેમના સત્ય બોધનો પોતાની ટુંક બુદ્ધિ, અને નાદાનીઅતથી તોલ કરી પોતાની હલકાઈ સાબેત કરો છો.

વકીલ પત્રના એડીટરના છેલ્લા ઉતારા સાથે તમોએ ઇસમાઇલી મઝહબ માટે જે જે નાતરસ વિચારો બતાવ્યા છે, અને ઇસલામના ફાંટામાં તમારી ઈમાનદારીનો અર્થ, મરજી મુજબ ઉઠાવવા પહેલાં જુઓ, એક દાનેશમંદ સુન્ની બોરાદર

(વકીલ પત્રનો એડીટર) જે ઇસ્માઇલી મઝહબને કેટલો ઇનસાફ આપવાની ફરજ સમજે છે? અફસોસ તમો એક **પીરસદર-દીને** બોધેલ ખોજા વંશમાં જન્મેલા છતાં તમારા ઇસમાઇલી મઝહબ માટેના હલકા વિચારને, અફસોસ તમારી ઇસ્નાઅશરી વલણની વ્હેમી ઇમાનદારીને, હેફ! તમારી દુઆને નિમાઝ તરીકે નહીં સ્વીકારવાની લાહેરીને. જુઓતો ખરા! વકીલપત્રના એડીટર સાહેબ ખુદ વગર પક્ષપાતે ઇસિમાઇલી દુઆને નિમાઝ તરીકે ઓળખાવે છે! ઇસમાઇલી તરીકાની માન્યતા માટેની ત્વારીખી મુસલમાંનોની ભલી લાગણીના યાદીનો વિચાર કરો, ઇસમા-ઇલીઓની ખુદાના અવતારના કાયદાની શૈલીને સમજો.

અલબત! જે બાબતમાં વકીલ પત્રના એડીટર સાહેબને વાજબી લાગ્યું છે ત્યાં, એટલે ઇસિમાઇલીઓ પોતાના પેશવાને (ઇમામને) ખુદાનો અવતાર માને છે, તે માની જતાં તેણે સખ્ત એતેરાઝ વાળી જણાવી છે, પણ તે ખોટી છે એમ કહ્યું નથી; તેમજ **સર આગાખાન** બહાદુરને પોતાની ઇમામત, હકીકતની કસોટી પર લાવવા કુરઆનને આગળ લાવવા ભલા-મણ કરી છે, અને તે એક ઇસલામી તરીકે, સાચા ઇમાનદાર

તરીકે, હોશમંદ તરીકે, તથા દાના તરીકે જણાવેલી બાબત અમોને અમારા ખરા અંતઃકરણમાં ઉત્તમ માન ઉત્પન્ન કરે છે; ત્યારે તમારા જેવા માટે ધિક્કારની લાગણી એટલા માટે ઉભી કરે છે કે તર્કીના શેખુલ ઇસલામ અને ઇસ્નાશરી મુઝતેહદોથી વધુ ડાહ્યા બનવાનો આભો પેહેરવાની ઉલટ ધરાવનારને પોતાની ઇમાનદારી કયાં તણાઇ જાય છે તેની પણ શુધ્ધ નથી.

વકીલ પત્રના એડીટર સાહેબના દાનાઇના છેલ્લા પેરેગ્રાફના શબ્દો મી૦ કાબા, ફરી વાંચો અને તમારી ખોજા પંથદર્પણની બુકોના ભાગો વિષે વિચાર કરો અને તમોએ ફસાદનો ઝંડો ઉંચકવા માટે રોઝહશરની જવાબદારીથી ડરો, પણ મી૦ કાબા તમો તમારા બેધડક જુઠાણા ભર્યાં લખાણોથી રોઝ-હશરનો ઇતિકાદ ધરાવતા હો, અથવા તેવીજ જવાબદારીથી બ્હીતાહો, એવું અમોને લાગતું નથી. કારણ કે તમો શેખુલ ઇસલામ અને મુઝતેહદોના ઉસ્તાદ બનવાનો દાવો બતાવો છો એટલે કાંતો એ હિસાબે તમો આઝાદ લાગો છો; અને કાંતો તમોને રોઝેહશર અને મુસલમાની અકાયદોના બજાવી લાવનારને મળવાના બદલા માટે કશું માનતા નહીં હો, તોપણ

વાંચો રખે ખુદા હિદાયત કરે, અને આવી રીતની મુસલમાની દેખાડનાર ઇમાનદારી બતાવવાનું મુરદારપણું મુકો.

## વકીલ પત્રના છેલા પેરેગ્રાફના શબ્દો નીચે મુજબ છે.

"મુસલમાનોમે તફરીક પેદા કરનેકે લીએ યે ફતવા આજ"
"કલ આમ તોર પર તકસીમ કીઆ જારહા હએ, લેકીન"
"હોશમંદ મુસલમાનકો ઇસપર ઇલ્તેફાત કરનેકી ઝરરત"
"નહીં હએ."

## મી૦ કાબા, ઉપલાં વાકય પછી તમારૂં પાને (૫૦) નું લખાણ વાંચો અને શરમાઓ!

"જો હાલની દુઆને ઇસમાઇલી દીનની મુખ્ય બંદગી"
"નિમાઝ જેમ ગણવામાં આવે તો તેવી બાબદ (ઇસલામથી"
"ખીલાફ) હોવાને લીધે ઇસલામના સઘળા સુન્ની તથા શિઆ"
"ઉલમાઓ તે માટે કુફર પણાનો ફતવો આપવાને તૈયાર છે."
"અને દુઆ માટે તેવા ફતવા તુર્કીના શેખુલ ઇસલામ તથા"
"શિઆ મુઝતહેદો તરફથી આપવામાં પણ આવ્યા છે."

ઉપરનાં લખાણમાં, તમારૂં બહેકી ગએલું ભેજું અને મુરદાર પણું સિદ્ધ કરે છે; કારણ કે દુઆને નિમાઝ ગણવી તે ઇસલામથી ખિલાફ હોવાનું જણાવો છો, અને શિઆને સુન્ની મુઝતેહદો માટે તમો બેડોળ નામ ધરાવનાર હોવા છતાં રીમાર્ક દર્શાવો છો! મી૰ કાબા આવાં તુમાખી પણાં પછી, પાછું પાને ૬૧) નો પેરેગ્રાફ જે અગાઉ આપી ગયા, તેમાં પોતે લખે છે કે,

"જો તેઓ મને આગાખાની ટોળાના અકાયદ સંબંધે"
"પુછતે તો હું એમજ જણાવતે, કે તેમનાં ધર્મના પૂસ્તકોમાં"
"સઘળા અકાયદો તથા માન્યતા ઇસલામ પ્રમાણેનાજ છે."

એનો **અર્થ** શું? તમારા ધડા વગરના લખાણના બેધડકપણાથી તમો ધાર્મિક લખાણ લખવાને કોઇ જાતની લાયકી ધરાવતા નથી; અને આટલું તો ખાસ તમારા જીગરમાં કોતરી રાખજો કે ઇસમાઇલી મઝહબ જે હકીકતી ઇસલામ છે, તેના વિષે તમારૂં ડંફાણ, જુઠા અને પરદેશી આસ્તાવાળા અથવા ખુદાની મસલેહતના ધોકામાં વાજીબાતને ભૂલી જનારા કોઇ ઇસ્નાશરી, કાઠીઆવાડના ખોજા આગળ કદાચ ઉપયોગી નિવડે; પરંતુ પ્રથમ

ઇસલામના શુધ્ધ સિધ્ધાંતો અને રહસ્યોથી ભરપુર ઇસ્માઇલી ફીરકા માટે તમારૂં લખાણ સલામતી ભરેલું નથી.

ફતવો નહીં પ્રસિધ્ધ કરવા વકીલ પત્રના એડીટરની દાનાઇ પછી તેને વધુ પ્રસિધ્ધ કરવાની નાદાની તમારી આંખોનો કમળો સ્પષ્ટ કરે છે; અને અજબ થવા જેવું છે કે ઇસલામીનો દાવો કરનારા એહલે તસન્નુન જમાઅતના તરફથી વકીલ પત્રના એડીટરના લખાણ ઉપર ઇતિબાર રાખી, અને તેને વાજબી રીતે સમજ્યા પછી કાંઇપણ ચું નોચરા થતી બંદ રહી છે; અને ઇસલામની બેહેતરી માટે તથા ઇમાનદારીના મુખ્ય ચિન્હ તરીકે તે સિફત ધરાવે છે; ત્યારે તે નહીં સાંખી શકનાર તરીકે તથા તમોને મળેલી ઉદ્ધતપણાંની ધાર્મીક અર્ધદગ્ધ અને ઇસલામને નુકશાન પહોંચાડનારી તાલીમના ભોગે, તમોએ પોતાનીજ કમહેસીયતપણાંની ઓખાદ દેખાડી છે. ઇસલામને બુલંદ દરજ્જે પહોંચતાં જો નુકશાન પહોંચાડયું હોય, તો તે શિઆ અસ્નાશરીઓની તાસુબ ભરેલી વલણને આભારી છે, એમ અલીગઢના પ્રીન્સીપલ સર સૈયદ એહમદના મિત્ર મૌલવી મેહેદીઅલી કે જેનું નામ તથા ઇસલા-

મની સેવા સોનેરી અક્ષરે હિંદના ઇસલામીઓની તવારીખોમાં નોંધાઈ ચુકી છે, તેના કહેવાને બરોબર બંદ બેસ્તું આવે છે. અને તેવી બાબત મી૦ કાબા તમોએ તમારી આપખુદીથી લખી જતાં ઇસ્નાશરી ખોજા ભાઇઓના દાના અને લાયક આગેવાનોને જાહેરમાં વગોવવાનું કારણ તમો બન્યા છો, અને ઇસ્નાશરી ખોજા આગેવાનોમાં તમો અનેકવાર હડધુત થયા છો, રખે તેનો બદલો વાળતા હો તો નવાઈ નહીં.

આ જવાબની અંતે મી૦ કાબા, ઇસમાઇલી ફીરકા માટેની મુરદાર હિમાયત તરફ તિરસ્કાર અમોએ બતાવ્યા પછી, તમો જે **ના૦ આગાખાન**ના અજ્ઞાન મુરીદો ઓળખાવો છો કે, "જેઓ **ના૦ આગાખાન**ને ખુદા કહે છે." તેના વિષે મને ખુલાસો કરવાની અગત એટલા માટે જોઉં છું કે, ઇમામ એ ખુદાનું નુર કહેવાય છે અને હાલના **ના૦ આગાખાન**ને ખુદાના નુર તરીકે દરેક માન આપી વર્તે છે. તેમાં તમો **ના૦ આગાખાન**ને ચતુર પૂરૂષ તરીકે ઓળખનારને કદાચ બહુજ ખરાબ લાગતું હશે; પરંતુ પ્રથમ સવાલ એ છે, કે તમો વિગતમાં ઉતરવાને તથા સમજવાને લાયક નથી, એમ તમારા ચુકતે

લખાણો પરથી સમજાય છે; કારણ કે **શેખ સાદી** કહે છે તે મુજબ–"**બે ઈલ્મ ખુદારા ન શનાખ્ત**" અર્થ "ઇલમ વગર ખુદાને ઓળખી શકાતો નથી." ત્યારે એમાં વિચારવા જેવું એ છે કે, જો "**લા ઈલાહા ઈલિલ્લાહ**" એટલે "બીજો કોઇ ખુદા નથી મગર ખુદા એક છે" એ શરીઅતમાં સમજાવેલા ખુદાની પએછાનતના સવાલ પછી પણ **સેખ સાદીના** શબ્દો કંઇક વધુ આગળ વધવા અને ઇલ્મ મેળવવા કહે છે તે શું ? એ બાબતનો કદિ વિચાર પણ કર્યો નહીં હોય. કદાચ એજ શરીઅતી કાનુનોમાંના **સિફાતે સાબુતિયા** અને **તૌહીદ** માટે વાંચ્યું હશે અને તેને પૂર્ણ માનતા હશો, તોપણ તમોને ભલામણ કરવામાં આવે છે, કે ઇસલામમાં એકલી **શરીઅત** નથી; પરંતુ **તરીકત, હકીકત** અને **મઆરેફત** એવા ક્રમવાર બીજા ત્રણ દરજ્જા છે, જે કેહેવાના નહીં પણ સમજવાના છે, કે જેના માટે તમારે પ્રથમ સુરી મુરશેદ કરવાની જરૂર છે. કારણ કે **ના૦ આગાખાન** જેવા **એહલે બૈત રસુલ** અને **ઇમામુલ વકતને** ચતુર પૂરૂષ ગણો છો; એટલે તેમના ફરમાન માટે તમો કમળાવાળી આંખોથી જોશો, તોપણ ટુંકમાં તમો કુરઆનમાં ફરમાવેલા

“ યહુદી આલેમો મીસાલ ભાર ઉચકનાર ગધેડા જેવા હતે, તોપણ ઠીક થાત.”

પહેલું તમો માત્ર મ્હોડેથી મોટી મોટી વાતો કરી તમારૂં આમાલનામું કાળું કરવા ઉપર મંડયા છો, એટલે અમારા આ સુચનાના બોલો વાંચતાં વાંચતાં મનમાં તરતજ કહી દેતા હશો, કે હું તો **શરીઅત, તરીકત, હકીકત, માઅરેફત,** ઉપરાંત આલમે **લાહુત** અને **મલકુતથી** પણ વાકેફ છું. ખુદાએ દુનીઆ બનાવતી વખતે જો તમારી સલાહ લીધી હોત તો જરૂર જરૂર ઇસમાઇલી ખોજાને પેદા કરવાની સલાહ તમો આપતે નહીં અને માત્ર ઇસ્નાશરી ખોજાજ આ દુનીઆમાં સર્વથી ડાહ્યા અને ફીલસુફ કેહેવાતે, અને જરૂર જરૂર ખુદાતઆલા તમારા કહેવા મુજબ તેમજ કરતે! **અઉઝ બિલ્લાહ!** મી૦ કાબા, આ તમારી શેખીનું લંબાવેલું ચિત્ર, મિત્ર તરીકે તમારા સાંમે દોર્યું છે; અને જો તેમ તમારી ઇચ્છા ન હોય, તો ખુદા ખાતર તમારા પેજ ૬૧) નાં પેરેગ્રાફ માંની તમારી “**પ્રબળ ઇચ્છા**”ને ઇબલીશના વાંચણ માટે ઇસલામની બેહેતરી ચાહનાર તરીકે બુકોમાં દાખલ કરી છે, તે અલાહેદા ઇસકોતરામાં ઢાંકી મુકજો.

**શરીઅત, તરીકત, હકીકત,** અને **મઆરેફત,** એ જેમ સડાસટ કહી જવાય છે, તેવાંજ ક્રમવાર સમજવાં મુશકેલ છે; અને તેમાં મુળ વાંધો એ છે, કે જેમ નાળીએરનાં છાલાંને કાચલી કાઢી દુર ફેંકયા પછીજ અંદરનું તત્વ મેળવી શકાય છે, તેવીજ રીતે **શરીઅત,** અને **તરીકતના,** દરજ્જા પસાર કરયા પછી તેમાંથી હકીકતનું તત્વ હાંસલ થાય છે. ત્યારે વિચાર કરો તમારી દલીલો માટે કે તે કયા દરજ્જાની અને કેવી રીતની નકામી છે. તે એટલાજ માટે કે તમો છાલાં સુધાંનાં નાળીએરને જો કે નાળીએર નાળીએર કરી પુકાર કરો છો, પરંતુ મતલબ ઉપર આવવા માટે જો ગરજ હોય, દરકાર હોય, તોજ તેના ઉપરનાં છાલાં અને કાચલીને સંભાળીને દુર કરો. જેથી અંદરના તત્વને ખલલ ન આવે; જો તેમાં પણ થાપ ખાધી, તો માથાકુટ મફતમાં થશે. "**અલામનીત-તબઇલ-હોદા.**"

**સમાપ્ત.**

હય બહારે બાગ દુનિઆ ચંદરોઝની–રાહ.

હું દિવાનો મસ્ત અલી નાં નુરનો,
જલ્વો જોયો આજ કોહે તુરનો,
કાન નાં પડદા અચાનક ફાટતાં,
**અનલહક** સુર સાંભળયો મનસુર નો,
ઇશ્કે વહેદત નાં નિશા માં મસ્ત થઇ,
દારૂ હાફિઝ નો પીધો અંગુર નો,
જાંમ પીધો મોતનો અમૃત ગણી,
ખેલ જાણ્યો જગ્ત ક્ષણ ભંગુર નો,
મંદિરો ને મસજીદો નો મોહ ગયો,
મર્મ જાણ્યો અપ્સરા ને હુરનો,
મઝહબી ઝઘડા નો બોજો ફેંકતાં,
નજદીક થયો રસ્તો હતો જે દુરનો,
રાહે શરીયત હદ વટાવી બે ઘડક,
જોઈ હકીકત માં તજલ્લો નૂરનો,
**"લાઇલાહ"** માંહે **ઈલિલ્લા "અલી"**,
હા! પઢયો હું એ સબક મજકુરનો,
આદિ ને વળી અંત માંહી એ અનંત,
અલખ માં લખ નો ઝલક એ નૂરનો,
તે **અલી** તું નુર સત્ત **"સુલતાનશાહ"**
સાર એ **"વરતેજી"** સુરે નુરનો.

છપાય છે, નવેમ્બરમાં બહાર પડશે.

**આફ્તાબે–હકીકત.**

( યાને ) આર્ય સમાજી પં. રાધાકૃષ્ણે પૂછેલા ભ્રષ્ટતા ભરેલા (૨૫) સવાલોના ઇસમાઇલી સ્પષ્ટ જવાબો.

લખનાર–E. J. વતેજી પ્રગટ કરનાર J. H. Co.

સિંધી પ્રીન્ટીંગ પ્રેસ મુંબઇ નં. ૯.

---

તૈયાર છે મંગાવો.

**આલમોતનો યોધ્ધો યાને હસનબીન સબ્બાહ.**

નામ નોંધાવો છપાય છે, થોડા વખતમાં બહાર પડશે.

**ખોજાઓને હિંદુમાં ભેળવી નાંખનારાનો ભોપાળો અને ખુલ્લી ચીઠીનો જવાબ.**

લખનાર, એ. જે. ચુનારા

ઠેકાણું, કુરબાનઅલી જીવરાજ. આગાખાન ચાલ, જેલરોડ, મુંબઇ ૯

---

**ઇસમાઇલી સતપંથ પ્રકાશ** ( માસીક. )

નામ નોંધાવો, દિવાળીને દિવસે બહાર પડશે.

ધી સિંધી પ્રેસ–પાલખી મોહલા મુંબઇ નં. ૯ .